R.N.I. No. MAHBIL/2020/79181

# ક.દ.ઓ. પ્રકાશ સમીક્ષા

# CDO PRAKASH SAMIKSHA

Since 1924...

(Gujarati & English Bilingual) FORTNIGHTLY

સળંગ વર્ષ ૧૦૦મું

VOLUME : 04 • ISSUE : 24 • PAGES : 32 • MUMBAI • DATE : 20TH OCTOBER 2024

BIL EDITION • YEARLY SUBSCRIPTION RS. 250/-



With Best Compliments from:

MICROFINISH
Pumps • Valves • Automation




6D 0301
0045
SIL 3 IEC 61508
ATEX 94/9/EC

MICROFINISH VALVES PVT. LTD.

**REGISTERED OFFICE:**
B-161/162, Industrial Estate,
Gokul Road, Hubballi - 580030,
Karnataka, India.
Tel: +91-836-2212404 / 2210611
Email - sales@microfinishgroup.com
Website - www.microfinishgroup.com

**WORKS:** Block no.23B, Plot no.1 to 6,
Hubballi - Dharwad Bypass Road,
Itigatti Village, Dharwad - 580114,
Karnataka, India.

Tel: +91-836-2310015/16/19/25

**BRANCH OFFICES:**
Ahmedabad, Baroda,
Bengaluru, Chennai,
Delhi, Hyderabad, Indore,
Kanpur, Kolkata, Mumbai,
Pune.

# આમંત્રણ

# પ્રકાશ સમીક્ષા શતાબ્દી સમારોહ

## રવિવાર તા. ૧.૧૨.૨૦૨૪ સાંજે ૬ કલાકે

**સ્થળ : ષણ્મુખાનંદ સરસ્વતી ઑડિટોરીયમ, કિંગ સર્કલ, માટુંગા, મુંબઈ**

## સદાબહાર ગીતોં કે ફૂલોં કા ગુલદસ્તા











**ગાયક કલાકારો : મુખ્તાર શાહ, ચીરાગ પંચાલ, ધનશ્રી દેશપાંડે, અનુભવ સુમન**

**એન્કર : રાશી મોદી**

પ્રકાશ સમીક્ષા શતાબ્દી સમારોહમાં ઉપસ્થિત રહી સદાબહાર ગીત સંગીતનો આનંદ માણવા તથા પ્રકાશ સમીક્ષાને વધાવવા આપને હાર્દિક આમંત્રણ છે. આપની ઉપસ્થિતિ સમારોહને ચાર ચાંદ લગાડશે.

વધુ વિગત માટે સંપર્ક : ઍડ. ઉદયન શાહ, મો.નં.: ૯૮૨૧૦ ૦૪૨૬૯

મુંબઈના દરેક વિસ્તારોમાં ટીકીટ (એન્ટ્રી પાસ)ની વિતરણ વ્યવસ્થા ગોઠવવામાં આવશે જેની જાણકારી આગામી અંકમાં આપવામાં આવશે.

**-: પ્રકાશ સમીક્ષા સમિતી ટ્રસ્ટ બોર્ડ :-**

પ્રમુખ : CA હીરાચંદ દામજી દંડ

ઍડ. શૈલેશ સનત્ શાહ, કિરીટ લક્ષ્મીચંદ લાપસીયા, કેશરસિંહ આણંદજી ખોના, શિલ્પાબેન અજાણી

તિલકચંદ કુંવરજી લોડાયા, કાશ્મીરાબેન વિરેન્દ્ર લુઠીયા, કિરીટ ખેતસી શાહ, જયંત વિશનજી છેડા

મંત્રી : ઍડ. ઉદયન લાલજી લોડાયા — કોષાધ્યક્ષ : હેમાંગ લાલજી શાહ (લોડાયા)

**Event Powered by H. D. Fire**

# નવમી પુણ્યતિથિએ ભાવભીની સ્મરણાંજલિ







## શ્રી કેતન ગોવિંદજી લોડાયા (અજાણી)

**કચ્છ : કોઠારા ● મુંબઈ : ઘાટકોપર**

**જીવન યાત્રા : તા. ૧૬.૧૦.૧૯૬૫ ● તા. ૨૦.૧૦.૨૦૧૫**

**સેવા, સમર્પણ, પરોપકાર જેના રગરગમાં હતી એવા આપશ્રીએ
ગામ તથા જ્ઞાતિની સેવામાં જીવન સમર્પિત કરી જીવનને ધન્ય બનાવ્યું છે.
પરમ કૃપાળુ પરમાત્મા આપના દિવ્ય આત્માને શાંતિ અર્પે એ જ પ્રાર્થના.**

## માતુશ્રી કાંતાબેન ગોવિંદજી ધનજી લોડાયા (અજાણી) પરિવાર

નિવાસ : ૯૦૪/૯૦૬, સહ્યાદ્રી બિલ્ડીંગ, નિલકંઠ વેલી, રાજાવાડી, ઘાટકોપર (ઈસ્ટ), મુંબઈ - ૪૦૦ ૦૭૭.

## કુલીન જવેલર્સ ❁ કુલીન ઈમ્પેક્સ

મુંબઈ - ૪૦૦ ૦૦૨.

તંત્રી સ્થાનેથી

# સૌ સાથે મળી પ્રકાશ સમીક્ષાને આગળ વધારીએ



– CA હીરાચંદ દંડ, Mob.: 77385 08150

૯મી ઓક્ટોબરે જ્યારે રતન ટાટા સરના અવસાનના સમાચાર સાંભળ્યા ત્યારે સમગ્ર દેશ શોકમાં ગરકાવ થઈ ગયો હતો. તેમની દૂરંદેશી અને પરિશ્રમને કારણે તેમણે ટાટા જૂથનો વ્યવસાય વિકસાવ્યો અને દેશ માટે પ્રતિષ્ઠા મેળવી. વિશ્વની ટોચની ૧૦૦ બ્રાન્ડ્સમાં ટાટા બ્રાન્ડ એકમાત્ર ભારતીય બ્રાન્ડ છે. તે ઉપરાંત રતન ટાટાને સમાજના કલ્યાણ માટેના તેમના કાર્યો માટે યુગો સુધી યાદ કરવામાં આવશે. પ્રકાશ સમીક્ષા મહાન ભારતીય ઉદ્યોગપતિ અને સેવાભાવી માનવીને શ્રદ્ધાંજલિ અર્પણ કરે છે.

મને આશા છે કે તમે બધા પ્રકાશ સમીક્ષાની શતાબ્દી વર્ષનીઉજવણીનો ભાગ બનશો. અમે ષણ્મુખાનંદ ઓડિટોરિયમ ખાતે ૧લી ડિસેમ્બરના આયોજિત કાર્યક્રમના પાસ માટે વિતરણ કેન્દ્રોની વ્યવસ્થા ગોઠવવાનો પ્રયાસ કરી રહ્યા છીએ. મુલુંડ સર્વોદય મંડળ અને ડોંબિવલી મંડળ પહેલાથી જ તેમના કેન્દ્રોમાંથી પાસનું વિતરણ કરવા માટે સંમત થયા છે. અમે તેમનું સરનામું અને સમય આગામી અંકમાં પ્રકાશિત કરીશું. તમને પાસ મેળવવા માટે સુવિધા આપવા માંગીએ છીએ તેથી અમે અન્ય સ્થળોએ પણ પાસની ડિલિવરીનું આયોજન કરવાનો પ્રયાસ કરી રહ્યા છીએ.

પ્રકાશ સમીક્ષાના સ્મૃતિ વિશેષ અંકમાં શુભેચ્છાની જાહેરાત આપી પ્રકાશ સમીક્ષાને ફંડ રેઈઝીંગમાં મદદરૂપ થાઓ. પ્રકાશ સમીક્ષા ઘણા સમયથી ખોટમાં ચાલે છે. શતાબ્દી વર્ષની ઉજવણી પ્રસંગે ટ્રસ્ટ બોર્ડની એવી ઈચ્છા છે કે થોડું કોર્પસ ફંડ ભેગું થાય જેથી પ્રીંટીંગ ક્વાલીટી વધુ સારી કરી શકાય તથા પાના પણ વધારી શકાય. તો આપ સૌને વિનંતી છે કે આ કાર્યમાં સહયોગ આપીને પ્રકાશ સમીક્ષાને આગળ વધારવા અમારી સાથે જોડાઓ.

૧લી ડિસેમ્બરના શતાબ્દી સમારોહ પ્રસંગે શ્રેષ્ઠ ગાયકો અને સંગીતકારો સાથે સંગીત સંધ્યાનું આયોજન કરવામાં આવ્યું છે. તમામ વય જૂથો માટે યાદગાર ગીતોનો સમાવેશ કરવામાં આવશે અને તેથી સાંજ બધા માટે યાદગાર બની રહેશે. આ કાર્યક્રમ  કેડીઓના મહાનુભાવોને મળવાનો પ્રસંગ બની રહેશે.

૧લી ડિસેમ્બરે અગ્રણી કેડીઓના ઇન્ટરવ્યુ ધરાવતી 'કોફી ટેબલ બુક'નું વિમોચન કરવામાં આવશે. તે ઉપરાંત સ્મૃતિ વિશેષ અંકનું પણ વિતરણ કરવામાં આવશે. તેમાં વિવિધ કેડીઓ સંસ્થાઓ, પ્રકાશ સમીક્ષાનો ઈીતિહાસ, આપણા સમાજની  યાદો વિશે ઘણી બધી માહિતી હશે.

કાર્યક્રમમાં પધારવા તમારા પાસ લેવા માટે અને શતાબ્દી વર્ષની ઉજવણી અને ગીત–સંગીત ભરેલી સાંજ માણવા અને સંસ્થાનો ભાગ બનવાનું ચૂકશો નહીં. આ કાર્યક્રમ નિઃશુલ્ક છે.

**નમ્ર નિવેદન :**

જ્ઞાતિજનો, સંસ્થાઓ તથા મહાજનોને નિવેદન છે કે સમાચાર, જાહેરખબર કે અન્ય માહિતી મોકલતી વખતે ઈ–મેલમાં આપનો કોન્ટેક્ટ નંબર લખવો.

– તંત્રી મંડળ

**આગામી પ્ર.સ.ના અતિથી સંપાદક**

તા. ૫.૧૧.૨૦૨૪ના અંકના અતિથી સંપાદક તરીકે પ્રિન્સીપાલ શ્રીમતી કુસુમબેન હરીશ ધરમશી–સુથરી(મુલુંડ) રહેશે.

## આદ્યતંત્રીઓ

"**પ્રકાશ**"
ડૉ. વેલજી પાશ્વીર ગોસર
"**સમીક્ષા**"
સનત્ શાહ અને ગોવિંદજી જીવરાજ લોડાયા
"**પ્રકાશ સમીક્ષા**"
સનત્ શાહ
રાયચંદ રતનશી નાગડા

**: તંત્રી :**
CA હીરાચંદ દામજી દંડ

**ટ્રસ્ટ રજી. નં : F - 69260**

પ્રમુખ : CA હીરાચંદ દામજી દંડ
મંત્રી : ઍડ. ઉદયન લાલજી લોડાયા
કોષાધ્યક્ષ : હેમાંગ લાલજી શાહ (લોડાયા)

**અન્ય ટ્રસ્ટીઓ**

કિરીટ લક્ષ્મીચંદ લાપસીયા
કેશરસિંહ આણંદજી ખોના
તિલકચંદ કુંવરજી લોડાયા
શિલ્પાબેન અજાણી
કાશ્મીરાબેન વિરેન્દ્ર લુઠીયા
ઍડ. શૈલેશ સનત્ શાહ
કિરીટ ખેતસી શાહ
જયંત વિશનજી છેડા


## સરનામામાં ફેરફાર અંગે વિશેષ વિનંતી.

આપના રહેઠાણના સરનામામાં ફેરફાર અંગેની નોંધ હવેથી **kdoaddress@gmail.com** ઉપર મોકલવા.


**વૉલ્યુમ : ૦૪, અંક : ૨૪, તા. ૨૦-૧૦-૨૦૨૪**



**: કાર્યાલય :**

પોસ્ટ/કુરીઅર પત્રવ્યવહાર માટે સરનામું

**PRAKASH SAMIKSHA**
A/704, Remi Bizcourt, Plot No. 9,
Shah Indl. Estate, Off Veera Desai Road,
Andheri (W), Mumbai-400 053.

**: જાહેરાત સંપર્ક :**
હેમાંગ લાલજી શાહ
મો.: 99206 46846
E-mail : **kdoprakash@gmail.com**


**વિશેષ નોંધ :** પ્રકાશ સમીક્ષામાં પ્રકાશિત થતા દરેક પ્રકારના લેખ અને મંતવ્યોમાં વ્યક્ત વિચારો જે તે લેખકના છે. પ્રકાશ સમીક્ષાનું તંત્રી મંડળ તે વિચારો સાથે સહમત છે તેમ માનવું નહીં. **- તંત્રી**

**પ્રકાશ-સમીક્ષા હવે નેટ પર....**
**www.prakashsamiksha.com**

**જાહેરાત/લવાજમ ભરવા અમારી બેંક અકાઉન્ટની વિગત નીચે મુજબની છે.**

For NEFT Transfer
Type of Account : Saving
Account Number : 004003000002
Name of the Bank : Shri Arihant Co-op Bank Ltd.
Branch : Chinch Bunder, Mumbai - 400 009.
IFSC Code : ICIC00ARIHT (after ICIC it is zero zero)
MICR Code : 400800005
Name of the Account: Shri C D O Prakash Samiksha Samiti
For Mobile App Transfer
Our MMID Code : 8359011
You must write/mail separate letter giving payment reference number, amount and date of transfer.
For old subscribers-Just give your Subscription Number.
For New Subscribers - Give full residence address with native village (Kutch Halar).

જાહેરાત / લવાજમ મોકલ્યા પછી બેન્કનો રેફરન્સ નંબર, રકમ તથા તારીખની વિગત અલગથી મોકલવી.
જુના ગ્રાહકોએ ફક્ત ગ્રાહક નંબર મોકલવો.
નવા ગ્રાહકોએ હાલનું પૂરું સરનામું પોતાના (કચ્છ-હાલાર)ના ગામ સાથે લખી મોકલવું.

For Cheque Payment
Draw your cheque in the name of
**"Shri C D O Prakash Samiksha Samiti"** and payable at par at Mumbai.
ચેકથી જાહેરાત/ લવાજમ ભરનારાઓને ચેક
Shri C D O Prakash Samiksha Samiti નાં નામથી મોકલવો.
ચેક at par મુંબઈ હોવો જોઈએ.

**પ્રકાશ-સમીક્ષાના જાહેરાત દર ૧ એપ્રિલ ૨૦૧૯ થી**

**કલર પાનાની જાહેરાત**

| પ્રકાર | સાઈઝ | કલર | GST 5% | ટોટલ |
|---|---|---|---|---|
| મુખપૃષ્ઠ | 167 x 190 mm | 11,000/- | 550/- | 11,550/- |
| આખું પાનું | 167 x 233 mm | 10,000/- | 500/- | 10,500/- |
| અડધું પાનું | 167 x 114 mm | 6,000/- | 300/- | 6,300/- |
| પા પાનું | 82 x 114 mm | 4,000/- | 200/- | 4200/- |

**બ્લેક એન્ડ વ્હાઈટ પાનાની જાહેરાત**

| પ્રકાર | સાઈઝ | B/W | GST 5% | ટોટલ |
|---|---|---|---|---|
| આખું પાનું | 160 x 225 mm | 6,000/- | 300/- | 6,300/- |
| અડધું પાનું | 160 x 111 mm | 3,500/- | 175/- | 3,675/- |
| પા પાનું | 77 x 111 mm | 2,000/- | 100/- | 2,100/- |
| ૧/૮ પાનું | 77 x 54 mm | 1100/- | 55/- | 1155/- |
| ૧/૧૬ પાનું | 77 x 27 mm | 600/- | 30/- | 630/- |

ચેક C.D.O. PRAKASH SAMIKSHA SAMITI ના નામે લખવા

**'પ્રકાશ-સમીક્ષા' પાક્ષિક**

દર મહીને ૫ અને ૨૦ તારીખના પ્રગટ થાય છે. લેખો, સમાચારો આગામી કાર્યક્રમો-પ્રવૃત્તિઓની જાહેરાતો ઈત્યાદી અનુક્રમે ૧ અને ૧૫ તારીખ સુધીમાં મોકલાશે તો તે મેટર જે તે અંકોમાં પ્રકાશિત કરવાનું અમને શક્ય બનશે.

# મળવા જેવા માણસ...

## શ્રીમતી શ્રુતિબેન અમિત ધરમશી - કોઠારા(ઘાટકોપર)



ગયા અંકમાં, મેં પારસી સમુદાયમાંથી કેડીઓ જ્ઞાતિમાં પરણીને આવેલા શ્રીમતી બિનાયફર વિકમશીની મુલાકાત વિશે લખ્યું હતું, આ અંકમાં હું તમને કચ્છી વાગડ સાત ચોવીસી સમાજમાંથી કેડીઓ જ્ઞાતિમાં આવેલા યુવા અને ડાયનેમિક મહિલાનો પરિચય કરાવી રહ્યો છું. ચાલો હું તમને શ્રીમતી શ્રુતિ અમિત ધરમશીનો પરિચય કરાવું જેમણે અમિત મધુકર ધરમશી સાથે લગ્ન કર્યા છે.

શ્રુતિબેનનો જન્મ મુંબઈમાં શ્રીમતી નીતા અને કમલ મહેતાને ત્યાં થયો હતો. પરિવાર ભુજમાં શિફ્ટ થયો અને તેથી શ્રુતિબેનનો ઉછેર ભુજમાં થયો. તેમનો ઉછેર સામાજિક રીતે સક્રિય સંયુક્ત પરિવારમાં થયો હતો. તેમણે ભુજમાં ૧૨મા સુધીનો અભ્યાસ કર્યો અને બાદમાં આર્કિટેક્ચરલ અભ્યાસ માટે મુંબઈ આવ્યા. અભ્યાસ પછી તેઓ ભુજ પાછા ગયા અને પછીથી તે અમદાવાદની પ્રખ્યાત આર્કિટેક્ચરલ ફર્મ વી.જે. દોશીમાં જોડાયા. જ્યાં તેમણે અનુભવ મેળવવા માટે થોડો સમય કામ કર્યું. અમિતભાઈ સાથે લગ્ન કર્યા પછી તેઓ ગાંધીધામ ગયા અને પોતાની પ્રેક્ટીસ શરૂ કરી. ૨૦૧૯માં તેઓ પરિવાર સાથે મુંબઈ આવી ગયા જ્યાં હાલમાં તેઓ ઈન્ટિરિયર ડિઝાઈનિંગનું કામ કરી રહ્યા છે. આવો, શ્રુતિબેન પાસેથી વધુ માહિતી મેળવીએ.

**પ્ર.સ.:** તમે એવા યુવક સાથે લગ્ન કર્યા જે તમારી જ્ઞાતિનો નથી. નવી સંસ્કૃતિ અને કુટુંબમાં તમને કઈ મુશ્કેલીઓનો સામનો કરવો પડ્યો?

**શ્રુતિબેન :** મને કોઈ મુશ્કેલી ન પડી. બંને પરિવારો જૈન છે અને નાના મોટા તફાવત હશે, પણ સંસ્કૃતિ સમાન છે. એક કુટુંબથી બીજા કુટુંબમાં પણ નાનામોટા તફાવત હોઈ શકે. ધરમશી પરિવાર ખૂબ જ શિક્ષિત અને સંસ્કારી પરિવાર છે જે વિશાળ મન, ખુલ્લું હૃદય અને માનવીય દ્રષ્ટિકોણ ધરાવે છે. અને તેથી નાનું નાનું સમાધાન બન્ને બાજુએ આનંદદાયક હતું. મારા સાસરિયાઓ મારી સાથે ગુજરાતીમાં વાત કરતા હતા. તેઓ મારા સાસરિયાં નહિ પણ મારા પિતા અને માતા હતા અને મારા સસરા ડો. મધુકાંત ધરમશી મારા શ્રેષ્ઠ મિત્ર હતા.

મારા સાસુ એક સાહસિક ઉદ્યોજક હતા અને સસરા ડોક્ટર હતા. મેં તે બંને પાસેથી ઘણું પ્રોફેશનલિઝમ શીખ્યું છે. મારા માતા-પિતાએ મને જૈન ધર્મનું મૂલ્ય શીખવ્યું છે અને આજે પણ હું જૈન ભોજન જ ખાઉં છું.

**પ્ર.સ.:** તમારી જ્ઞાતિ અને કેડીઓ જ્ઞાતિમાં તમને મુખ્ય તફાવત શું જણાયો?

**શ્રુતિબેન :** વાગડ સમાજમાં કેડીઓ જ્ઞાતિ કરતાં તપ પર વધુ ધ્યાન કેન્દ્રિત કરવામાં આવે છે. વાગડ સમાજમાં ગુજરાતી ભાષા બોલાય છે. હું કચ્છી સમજી શકું છું પણ હું કચ્છી સંપૂર્ણ રીતે બોલી શકતી નથી. મને લાગે છે કે કેડીઓ સમુદાય દ્વારા બોલાતી કચ્છી ખૂબ જ મીઠી અને આદરણીય છે. કેડીઓ જ્ઞાતિ અન્ય ઘણી જ્ઞાતિઓની સરખામણીમાં વધુ શિક્ષિત છે. યુવાનો માટે મુંબઈ મહાજન અને અન્ય મહાજનો દ્વારા ઘણી પ્રવૃત્તિઓ કરવામાં આવી રહી છે, યુવા મિલનનું આયોજન કરવામાં આવે છે જેથી દરેક યુવાનોનો પરિચય થાય.

**પ્ર.સ.:** તમારા પતિના સંબંધીઓ સાથે એડજસ્ટ થવું તમારા માટે મુશ્કેલ હતું? કોઈપણ સમયે તમારી સાથે બહારના વ્યક્તિ જેવો વ્યવહાર કરવામાં આવ્યો હતો?

**શ્રુતિબેન :** મારા પતિના પરિવારમાં પ્રેમ અને સ્નેહથી મારું સ્વાગત કરવામાં આવ્યું, પરિવારના તમામ સંબંધીઓ દ્વારા મારું સ્વાગત કરવામાં આવ્યું. મારી સાથે શરૂઆતથી જ ક્યારેય બહારની વ્યક્તિ તરીકે વ્યવહાર કરવામાં આવ્યો ન હતો.

**પ્ર.સ.:** હવે તમારી વ્યાવસાયિક પ્રવૃત્તિઓ વિશે વાત કરીએ. શિક્ષણ પૂર્ણ કર્યા પછી આજ સુધીની તમારી સફરની સંક્ષિપ્ત માહિતી જાણીએ.

**શ્રુતિબેન :** ૨૦૦૩માં રિઝવી કોલેજ ઓફ આર્કિટેક્ચરમાંથી મારો અભ્યાસ પૂર્ણ કર્યા પછી, હું

**એક પાનાના વાર્ષિક શુભચિંતક દાતા : જયેશ દામજી નથુભાઈ દંડ - મંજલ રેલડીયા (મુલુંડ)**

અમદાવાદની જાણીતી આર્કિટેક્ચર ફર્મ વી.જે. દોશી સાથે જોડાઈ. પછીથી હું NIFD, ગાંધીધામમાં ઈન્ટીરીયર ડીઝાઈન એજ્યુકેટર તરીકે જોડાઈ. વર્ષ ૨૦૦૮ માં મેં મારું કો ડીઝાઈન સેન્ટર શરૂ કર્યું અને ઈન્ટીરીયર ડીઝાઈનનું કામ શરૂ કર્યું. ગાંધીધામમાં વિલા કોન્સેપ્ટ વિકસી રહ્યો હતો. મેં ગાંધીધામમાં ગ્રાહકો માટે ઘણા વિલા બનાવ્યા છે. ૨૦૧૯માં મુંબઈ આવ્યા પછી, મેં બીજી કંપની શરૂ કરી છે, લીપ ડિઝાઇન કાં. આજે અમે અમારા ગ્રાહકોને ભારતના કોઈપણ ભાગમાં સેવા આપી રહ્યા છીએ, અને મારા ક્લાયન્ટ્સની બીજી પેઢી પણ મારી સેવાઓ લઈ રહી છે. મુંબઈમાં ઈન્ટિરિયર ડિઝાઈનિંગના કામમાં વધુ મજા આવી રહી છે, પરંતુ હું આખા ભારતમાં મારા ક્લાયન્ટ્સને સેવા આપી રહી છું.

**પ્ર.સ.:** હું સમજું છું કે તમારી ભારે વ્યાવસાયિક વ્યસ્તતાઓ છતાં પણ તમે સામાજિક સેવા ક્ષેત્રે ખૂબ જ સક્રિય છો. તમે આટલું બધું કેવી રીતે મેનેજ કરો છો?

**શ્રુતિબેન :** હું દેરાસરની વિવિધ પ્રવૃત્તિઓમાં ભાગ લઉં છું, હું બાળપણથી જ આ પ્રવૃત્તિઓમાં વ્યસ્ત છું. હું ૨૦૦૬ થી ગાંધીધામની ઈનર વ્હીલ ક્લબની સક્રિય સભ્ય હતી અને હું ૨૦૧૬-૧૭માં ક્લબની પ્રમુખ બની હતી અને ૨૩ એવોર્ડ જીત્યા હતા. મુંબઈમાં આવ્યા પછી, હું રોટરી ક્લબમાં જોડાઈ છું અને હાલમાં હું ઘાટકોપર વેસ્ટની રોટરી ક્લબની પ્રમુખ છું અને અમે ઘણા પ્રોજેક્ટ્સ કરી રહ્યા છીએ જે સમાજ માટે ઉપયોગી છે. હું સ્તન કેન્સર જાગૃતિ અને આદિવાસી ઉત્કર્ષ માટે એવન્યુ કો-ચેર પર્સન પણ છું.

**પ્ર.સ.:** યુવતીઓ અને યુવતીઓ માટે કોઈ સંદેશ?

**શ્રુતિબેન :** આજે હું સમજું છું કે યુવતીઓ નાના શહેરોમાં જવા માટે તૈયાર નથી. મેં સાંભળ્યું છે કે યુવતીઓ સારી રીતે ભણેલા યુવક સાથે લગ્ન કરવા તૈયાર નથી પરંતુ સ્થાઈ થવા માટે સંઘર્ષ કરી રહી છે. હું તમામ યુવાન દિકરીઓને યુવકની સર્વાંગી ક્ષમતા જોવાનું સૂચન કરું છું, ફક્ત પૈસા કે શહેર નહીં. સારા કેલિબરવાળા છોકરાનું ભવિષ્ય ઘણું ઉજ્જ્વળ હશે અને જીવનસાથી સાથેની તમારી સફર વધુ રસપ્રદ રહેશે, તેથી નાના શહેરોના લગ્ન માટેના ઉમેદવારોને અવગણશો નહીં.

**પ્ર.સ.:** શ્રુતિબેન, તમે આપેલા મૂલ્યવાન સમય અને માહિતી માટે આભાર.

**- CA હીરાચંદ દંડ**

## ક.દ.ઓ.ના આગામી કાર્યક્રમો

**તા. ૨૭.૧૦.૨૦૨૪ :** મુમુક્ષુ કુ. હિરલ શૈલેશ પીર લોડાયા (બાયઠ- ડીગ્રસ) ની દિક્ષાની આમંત્રણ પત્રિકાના કંકુ છાંટણા. આયોજનઃ મુંબઈ મહાજન, અનંતનાથજી દેરાસર તથા ભાડુંપ સંઘઃ મેવાડ હોલ, ભાડુંપ- સવારે ૯.૦૦ ક. થી.

**તા.: ૮ થી ૧૦.૧૧.૨૦૨૪ :** વારાપધરમાં બિરાજમાન લાલકા પરીવારના કુળદેવી શ્રી ચામુંડા માતાજીના ભુવાની વિધિ, ૧૪ મી પહેડી તથા હવન વારાપધર સ્થાને.

**તા. ૧૧ થી ૧૫.૧૧.૨૦૨૪ :** સુથરીમાં બિરાજમાન ધરમશી કુળના કુળદેવી શ્રી અંબે મા ના મંદિરનો રજત જયંતી મહોત્સવ.

**તા.: ૧૫ થી ૧૭.૧૧.૨૦૨૪ :** જખૌ તીર્થમાં ત્રિદિવસીય પરમાત્મ ભક્તિમય મહોત્સવ તથા જખૌ વાસીઓનું સ્નેહ મિલન.

**તા.: ૧૫ થી ૧૮.૧૧.૨૦૨૪ :** જખૌમાં મુનવર પરીવારોની કુળદેવી શ્રી અંબેઆઇ માતાજીના મંદિરે તથા નવનિર્મિત શ્રી ભીખુપીર દાદાના મંદિરે મુનવર પરીવારોના ભુવાજીશ્રીના બાના બદલી તથા માતાજીની પુનઃ પ્રતિષ્ઠા સહ વિવિધ કાર્યક્રમ.

**તા.: ૨૩.૧૧.૨૦૨૪ :** મુમુક્ષુ કુ. હિરલ શૈલેશ નરશી પીર લોડાયા, બાયઠ : દિક્ષા મહોત્સવઃ ભાંડુપમાં

**તા. ૨૪.૧૧.૩૦૨૪ :** સમસ્ત ક દ ઓ જ્ઞાતિ ના છેડા ગોત્રના કુળદેવી શ્રી અંબા માતાની ૨૯મી સમુહ પહેડી. સવારના ૯.૧૫ ક. થી : સારસ્વત વાડી, ઝવેર રોડ, મુલુંડ

**તા.: ૧.૧૨.૨૦૨૪ :** પ્રકાશ સમીક્ષાના શતાબ્દી વર્ષની ઉજવણી, શ્રી ષણ્મુખાનંદ હોલ, કિંગ સર્કલ.

**તા. ૯ થી ૧૧.૧૨.૨૦૨૪ :** મુમુક્ષુ કુ. જિનલ રવિન્દ્ર નરશી લોડાયા, નલિયા- ચોપડાનો દિક્ષા મહોત્સવ, ચાલીસગામ.

**તા.: ૧૦.૧૨.૨૦૨૪ :** કોટડી મહાદેવપુરીમાં ધ્રોળ પરીવારના કુળદેવી શ્રી સચ્ચાઇ માતાજી તથા શ્રી વાછરા દાદા સ્થાનકે ધ્વજારોહણ મહોત્સવ.

આરોગ્ય પ્રકાશ

# આરોગ્ય માટે ઉપયોગી માહિતી



- ડૉ. વીરચંદ લખમશી નાગડા,
M.B.B.S. (મુંબઇ), **M : 8369077978**

**(૧) જાડુ ધાન્ય કે મિલેટ્સ :** બાજરો, જુવાર, રાગી (નાચણી) કોદરી (કોદો), કંગની, સામો જેવા અનેક ધાન્યનો સમાવેશ આમાં થાય છે. કોદરી માટે એક કહેવત છે, 'કોદો ના ભાત ખાઈ લે... બિમારી, દુઃખ દૂર ભગાડી દે' કોદરીમાં ભાત કરતાં ૧૨ ગણું કેલશિયમ હોય, આયર્નની માત્રા વધુ હોય, ફાયબર ભરપૂર હોય, એન્ટી ઓક્સિડન્ટ ભરપૂર હોય, ગ્લાયસેમીક ઈન્ડેક્ષ ઓછો હોય તેથી લોહીમાં સાકર જલ્દી વધતી નથી તેથી ડાયાબિટીઝ અને અન્ય બિમારી માટે ખૂબ ઉપયોગી છે. હાડકાં અને દાંત માટે ખૂબ સારું. નિયમિત સેવન કરવાથી સંધિવાત, આમવાતની તકલીફથી બચી જવાય. એમાં રહેલ ક્વેરસેટીન, ફેરૂલિક એસિડ, વૈનિલિક એસીડને લીધે નિયમિત સેવનથી લોહીમાં ગ્લુકોઝના સ્તરને ઘટાડવામાં મદદ મળે છે. ફાયબરને લીધે પાચન સારું થાય, કબજિયાત અને ગેસ ન થાય, ગ્લુટેન ફ્રી છે તેથી જેમને ગ્લુટોનની એલર્જી હોય તેમના માટે ઉત્તમ છે અને પોષક તત્ત્વો પુરતા પ્રમાણમાં મળી રહે છે. ઘઉં, ચોખાને બદલે આ જાડા ધાન્ય નિયમિત વાપરવાથી ડાયાબિટીઝ, હાય બી.પી., હાર્ટએટેક, જાડાપણું, સંધિવાત જેવા રોગો દૂર થાય છે. કોદરીને થોડો સમય (ધોયા બાદ) ભીંજવી રાખો પછી શાકભાજી, શીંગદાણા, થોડા કાજુ ઉમેરી ઉપમા જેવું કે પ્રેશર કુકરમાં (ત્રણ ગણું પાણી નાખી) બિરયાની જેમ બનાવી શકાય કે પીળી ખીચડીમાં ચોખા સાથે કોદરી ઉમેરી બનાવવું. શીંગદાણા અને શાક ઉમેરતાં કોદરીનો ઉપયોગ કર્યો છે તે ખ્યાલ પણ નથી આવતો. તે ઉપરાંત આ સર્વ જાડા ધાન્ય અન્ય દાળો મગદાળ, ચણાદાળ, અડદદાળ સાથે ભીંજવી અધકચરું વાટી તેમાં કોપરું તલ, મીઠા લીમડાના પાનની બારીક કતરણ, અદરક-મરચાંની પેસ્ટ, કોથમીર વગેરે નાખી પુડલા બનાવી શકાય. તે ઉપરાંત બાજરીના ચમચમીયા, જુવારના ફટાફટ બનતાં (આથો આપ્યા વગર) ઢોસા બિલકુલ બારીક કડક અને મજેદાર લાગે છે. બાજરીની ઈડલી, ઢોસા, પેનકેક, હાંડવો વગેરે બનાવી લહેજતદાર જમણ માણી શકાય. તે ઉપરાંત બાજરી, જુવાર, મકાઈ (દેશી)ની ધાણી (પોપકોર્ન) મસાલા નાખી વઘારી લેતાં બાળકોને બહુ પસંદ પડે છે. આમ જાડા ધાન્યનો ઉપયોગ વધારી ફાયદા મેળવો.

**(૨) વિટામીન બી૧૨ :** શાકાહારી લોકોમાં ૯૦%ને આ બી૧૨ની ઉણપ હોય છે. એ પાણીમાં દ્રાવ્ય છે એટલે એનો શરીરમાં સંગ્રહ નથી થતો. દૂધ, દૂધની વસ્તુઓ, મશરૂમ, સોયાબીન, તલ, કેરીની ગોટલી, કેળાની છાલ અને એલોવેરાની છાલમાં, કાજુ (કાજુમાં બી૧૨ હોય છે પણ ૩-૪થી વધુ ન ખાવા, તળેલા કે મીઠાવાળા કાજુ ખાવા હાનિકારક છે). કેરીની ગોટલીનો મુખવાસ બનાવી, કેળાની છાલનું શાક બનાવી અને એલોવેરાનો નાના ટૂકડો છાલ સાથે ખાવો.

**(૩) વિટામીન 'ડી' :** ભારતીય સંસ્કૃતિ પ્રમાણે આપણે ટૂંકા કે અડધું શરીર દેખાય તેવા કપડાં પસંદ નથી જ કરતાં તેથી ત્વચા પર સીધો તડકો પડતો નથી અને પરિણામે મોટા ભાગના લોકોમાં વિટામીન 'ડી'ની ઉણપ હોય છે, તે ઉપરાંત ઘણાખરાં તડકાને બદલે છાંયડે ચાલવા-બેસવાનું કરીએ છીએ, કાચમાંથી પસાર થઈ આવતા તડકામાં વિટામીન ડી મળતું નથી, ગોરી ત્વચાવાળામાં વિટામીન ડી ઓછું ઉત્પન્ન થાય છે. ઉંમર વધે તેમ ત્વચા વિટામીન ડી ઓછું બનાવે, દૂધ કે દૂધમાંથી બનેલ વસ્તુઓ ખાવાથી વિટામીન ડી મળે પણ આજકાલ દૂધ શુદ્ધ મળતું નથી એટલે દૂધ, દહીં, છાશમાંથી વિટામીન ડી ક્યાંથી મળશે. વિટામીન ડી ઉમેરેલ ખાદ્ય કે પીણા (Forfitied પીણા) નો ઉપયોગ કરીએ પણ આ પીણામાં પ્રીઝરવેટીવ કે કેમિકલ્સ ઉમેરાયેલા હોઈ ફાયદા કરતાં નુકશાન જ કરવાના, તેથી આદર્શ એ જ છે કે નિયમિત તડકામાં ૨૦ મિનીટ બેસવું, શિયાળામાં ૧૧ વાગ્યા પછી અને ઉનાળાનો આકરા તાપ હોય ત્યારે નવ-દશ વાગ્યા સુધી તડકામાં બેસવું.

**(૪) કોર્નફ્લેક્સ :** આજકાલ નાસ્તામાં કોર્નફ્લેક્સ ફેવરેટ થઈ ગયા છે. એમાં પણ વેંચાણ વધે તે માટે ભરમાવવા એવી જાહેરાત કરાય છે-ફ્રી કોલેસ્ટ્રોલ, લૉ કેલેરી સ્નેક્સ લખાય એટલે વજન ઉતારવા ઈચ્છતી વ્યક્તિ પણ એ ખાવા પ્રેરાય. કોર્નફ્લેક્સ એ મકાઈના પૌવા જ છે. તે પોતે સાવ મોળા જ હોય છે. તેના પર ગળી ચાસણી, સાકર, ચોકલેટનું આવરણ કરાય, વિધવિધ કેમિકલ્સ નાખી ફ્લેવર્સ ઉમેરાય અને સાથે પ્રીઝરવેટીવ તો હોય જ, આમ આ કોર્નફ્લેક્સ બિલકુલ

અનુસંધાન પાના નં. ૧૮

# લહેરચંદભાઈને શતાબ્દી વર્ષ પ્રસંગે યાદ કરીએ

શ્રી કચ્છી દશા ઓશવાલ જૈન જ્ઞાતિનું લાડીલું મુખપત્ર 'પ્રકાશ સમીક્ષા' પોતાની શ્રુત યાત્રાની ૧૦૦ વરસની મંઝીલની શતાબ્દી જયંતિ મનાવી રહ્યું છે. આજે ઓનલાઈનના જમાનામાં બધું ઈન્સ્ટાગ્રામ, ફેસબુક અને વોટ્સએપ પર તરત જ આવી જાય છે. અને સ્ટેટસ તો રોજેરોજ બધાના બદલે છે.

પણ એ બધાનું આયુષ્ય પણ ૨૪ કલાકનું જ રહે છે. પછી આપણે પણ ભુલી જતા હોઈએ છીએ. હજીપણ આપણો સારો એવો વર્ગ એવો છે કે જેને પ્રકાશ સમીક્ષાની હાર્ડ કોપી જોઈએ છે. આજે પ્રકાશ સમીક્ષા પણ આપણે ઓનલાઈન વાંચી શકીએ છીએ. પણ અંક હાથમાં હોય અને આપણે વાંચીએ તેની મજા જ કંઈક અલગ હોય છે. અને પ્રકાશ સમીક્ષાનું પ્રતિનિધિ મંડળ આ ચીલો ચાલુ રાખવા જે મહેનત કરી રહ્યું છે તેના માટે નત મસ્તકે 'ઝુકી તો જવાય ને!'




આતો ફક્ત પ્રસ્તાવના છે. મારો મુળ હેતુ તો આપણા ગામેગામના સંઘોમાં કોઈ વ્યક્તિ જ્યારે કંઈક તકલીફમાં આવે છે અને તે સંઘના અધિકારીઓ કે મહાનુભાવો જે રીતે સહાયભૂત થાય છે તેમની અનુમોદના અર્થે પ્રકાશ સમીક્ષા એ ઉપરોક્ત કોલમ શરૂ કરી હતી. જેનો લાભ ઘણા જણાં એ પોતાના અનુભવો રજુ કરીને લીધેલ છે, પણ સૌથી વધુ લાભ અમારા ભાંડુપ સંઘના શ્રી લહેરચંદ વેલજી મૈશેરી-લાલાવાલાએ લીધેલ. એમના ગુણગ્રાહી સ્વભાવને કારણે નાના-મોટા કોઈપણ પ્રસંગની અનુમોદના કરવા આ કોલમના માધ્યમે એમણે લાભ લીધેલ. તેઓ શીઘ્ર વક્તા અને શીઘ્ર કવિ પણ હતા.

ચાતુર્માસ પ્રવેશ કે ચાતુર્માસ પરિવર્તન વખતે પરમપૂજ્ય મુનીરાજો કે સાધ્વીશ્રી ભગવંતો પણ એમના મુખે કવિતાઓ સાંભળવા ઉત્સુક રહેતા.

કચ્છના તુંબડી ગામમાં બનેલ એક કિસ્સો એમના સ્વમુખે અમે સાંભળેલ જે યાદ રહી ગયો છે. તુંબડી ગામમાં એક સાધ્વીજી મહારાજ સાહેબ પાસે તેઓ વંદનાર્થે ગયા હતા ત્યારે મહારાજ સાહેબ કંઈક ચિંતામાં જણાયા. એમણે મહારાજ સાહેબને પૂછ્યુ, 'કેમ ચિંતામાં છો? કંઈ તકલીફ છે?' મહારાજ સાહેબે કહ્યું, 'તકલીફ તો કંઈ નથી પણ થોડી વિમાસણમાં છું. વાત જાણે એમ છે કે એક સાસુ અને વહુ બંને મારી સારી ભક્ત છે. સારી સેવા કરે છે. બંને મારી પાસે અલગ અલગ આવે છે. અને એકબીજા વિષે ફરિયાદ જ કર્યા કરે છે. આમ તો બંને સુશ્રાવિકાઓ છે પણ આપસમાં એમનું બનતું નથી. વાદ-વિવાદ કરે છે. એમને મારે સમજાવવી કેમ? એ વિચારું છું.'

લહેરચંદભાઈ એ એક જ સેકન્ડમાં વિચારીને તેમને જવાબ આપ્યો.

'મહારાજ સાહેબ, એમને કહી દો કે જ્યારે તમારો વાદ-વિવાદ થાય ત્યારે સાત વખત તમારા ગામનું નામ બોલી લેવું'

હવે વાંચો. એમના ગામનું નામ, અને સાત વખત બોલો. સમજ પડી જશે.

'તુંબડી, તુંબડી - તુમ બડી, તુમ બડી'

આવા હાજર જવાબી લહેરચંદભાઈને શતાબ્દી જયંતિ પ્રસંગે યાદ કરીને ઝુકી તો જવાય જ ને!

**- ફાલ્ગુની લખમશી ખોના**
**નલીયા (ભાંડુપ)**


20% Mahavir's • Matunga Sale 30%

"GRAND SALE"

Embroidery Sarees

Shree Mahavir's Embroidery

Parsi Family Shop At Matunga (Since 45 Years)

Thus. 3-10-2024 to Fri. 1-11-2024
Open All Days Upto Diwali
Timing 10.00 am to 8.30 pm

| | |
|---|---|
| 40% | on Hand Gara & Dupatta. |
| 30% | on Machine Gara Saree, Kurti, Stall, Kot & Dupatta. |
| 40% | on Fancy Embroidery Saree. |
| 20% | on Make to Order. |
| 30% | on Plain Saree Material. |

We are Buying Real Jari and Parsi Gara

50% Discount on
Sample Embroidery Fresh Saree

Shree Mahavir's Embroidery
Raj Niketan Building,
Near HDFC Bank, Opp. Matunga Post Office,
Bhandarkar Road, Matunga-C.R., Mumbai - 400 019.

40% Mobile : 8652239537 / 9833916510 50%

Mahavir's • Matunga Sale
Mahavir's • Matunga Sale

# ક.દ.ઓ. તપસ્વીઓની ખૂબ ખૂબ અનુમોદના



**પ્રીતી પંકજ મોમાયા**
બારોઈ (જલગાંવ)
વર્ષીતપ અને અઠ્ઠાઈ



**કાશ્મીરા જીતેશ લોડાયા**
વાંકુ (જલગાંવ)
વર્ષીતપ



**હર્ષા નિશાંત ગોસર**
બારોઈ (કારંજાલાડ)
સિદ્ધીતપ



**દક્ષા જયેશ લોડાયા**
સાંયરા (જલગાંવ)
અઠ્ઠાઈ



**જયેશ શાંતિલાલ લોડાયા**
સાંયરા (જલગાંવ)
અઠ્ઠાઈ



**ધનરાજ વાલજી મોતા(શાહ)**
સુથરી (જલગાંવ)
અઠ્ઠાઈ



**તુમિત ધર્મેન્દ્ર ગોસર**
બારોઈ (જલગાંવ)
અઠ્ઠાઈ



**અજય રતનશી સોની**
સાંયરા (જલગાંવ)
અઠ્ઠાઈ



**રિદ્ધિ હિરલ સોની**
સાંયરા (જલગાંવ)
અઠ્ઠાઈ



**નિર્મલા હેમંત શાહ(માયણ)**
નાગ્રેચા (જલગાંવ)
અઠ્ઠાઈ



**રાજેશ દામજી મૈશેરી**
મોટી સિંધોડી (વિરાર)
અઠ્ઠાઈ



**ફોરમ રાજેશ મૈશેરી**
મોટી સિંધોડી (વિરાર)
અઠ્ઠાઈ



**રમેશ ચાંપશી મોતા**
કોઠારા (વિરાર)
અઠ્ઠાઈ



**હિયા વિક્કી લોડાયા(શાહ)**
મોટી ખાવડી (કાંદિવલી)
અઠ્ઠાઈ



**ચેતના હિતેશ મોમાયા**
જખૌ (જલગાંવ)
અઠ્ઠાઈ



**પારૂલ ખીરેશ ધ્રોળ**
સાંયરા (ડોંબિવલી)
અઠ્ઠાઈ

ॐ ह्रीँ श्री पार्श्वनाथाय नमः

# શ્રી ક.દ.ઓ. જૈન મુંબઈ મીડટાઉન સંઘ

## મધ્ય મુંબઈ પરેલથી વરલી, દાદર, વડાલા, માટુંગા, સાયન, ચુનાભઠ્ઠી (સ્થાપના ઈ.સ. ૨૦૦૦)

તા. ૧૩ સપ્ટે. થી ૯ દિ. ૯ રા.નું વિયેટનામની ટૂરનું શ્રી 'તનમન' ટૂરના સથવારે અદ્‌ભૂત સફળ આયોજન થયું. વૈભવી ફોર સ્ટાર હોટેલો, લક્ઝરી બસ, ઊંચી સગવડો આપતા ૪ વિમાનોમાં પ્રવાસ, અદ્‌ભૂત સ્થળો હો-ચી-મીન્હ, દા-નાંગ, હેલોંગ બે, સાપા હિલ સ્ટેશન, હેનોઈ વ. શહેરોના અફલાતૂન સુંદર સ્થળો એથી ય ટપી જાય એવું ત્રણ ટાઈમનું રોજ નવું નવું પ્યોર વેજી. અનલિમીટેડ સ્વાદિષ્ટ ભાવતું ભોજન!!! એથીયે વધારે લહેરી લાલા ચીમનભાઈના ભાવભર્યા અરમાનોથી છલકાતાં ચટપટા વાનગીઓના રસથાળ જ કદી નહીં ભૂલાય. હૃદયનાં ઉત્કૃષ્ટ ભાવોથી રોજ જમાડતાં પ્રેમ લાગણીના સ્પર્શ અને સુગંધ ભળતા એ સદા સ્મરણીય અને આદરણીય રહેશે! બન્ને જણા ચીમનભાઈ અને સૌ. મીનાભાભી દરેક પ્રવાસીઓનું ખૂબ જ સુંદર ધ્યાન રાખતા કે જાણે ૫૪ જણનો એક જ પરિવાર! ન ક્યાંય કોઈની ફરિયાદ, ન કોઈ ઝગડો, ન ક્યાંય મનદુઃખ!!! આખી ટ્રીપની હર એક ક્ષણ સૌને માટે યાદગાર, મીઠું પ્રેમભર્યું સંભારણું બની ગઈ છે.

મુલુંડના ભાઈશ્રી હંસકુમાર બધાનું કાળજીપૂર્વક ધ્યાન રાખતાં, સુંદર ગીતોથી ભક્તિ મનોરંજન અને વાશીના કલ્પનાબેન અને દિપકભાઈ અવનવી રમતો રમાડતાં, ડૉ. રણધીર મેસેજ, ફોટા મોકલાવી સંપર્કમાં રહેતા. બધાના મોઢે એક જ વાત કે હવે ફરી ક્યારે અને ક્યાં લઈ જશો? (નવી ટ્રીપનું આયોજન થોડાક સમયમાં જ જણાવશું. આવશોને?.... તનમન અને મીડટાઉન બધા તમારી સૌની રાહ જોવે છે. થઈ જાઓ તૈયાર).

આગામી નાતાલ વેકેશનમાં ૨૧મી ડિસેમ્બરે ૨૧.૧૨.૨૪ના વિયેટનામની ચોથી ટ્રીપનું રૂા. ૧ લાખ અને ૨૦ હજારમાં ૯ દિવસનું બધું જ સામેલ. છો ને તૈયાર? તો જલ્દીથી નામ લખાવશોજી.

મો. : ૯૩૨૪૦૧૩૬૮૦, ૯૩૨૩૩૬૦૭૦૮.

તનમન ટૂરના ચીમનભાઈએ મીડટાઉન સંઘને રૂા. ૫૨૦૦૦/- ચેકથી ભેટ આપ્યા છે તે બદલ ખૂબ ખૂબ આભાર. ફેબ્રુ.માં માટુંગામાં સુંદર ટ્રેડ ફેરનું આયોજન ટોળાબંધ મુલાકાતીઓથી સફળ રહ્યું. તેમાં માટુંગાના ભાઈશ્રી રાજેશ લહેરચંદ સોનીએ આપણા મીડટાઉન સંઘને રૂા. ૨૫૦૦૦/- ભેટ આપ્યા તે માટે આભાર. એપ્રિલમાં શ્રી તેજુકાયા પરિવારે સંસ્થાને એક્સપોર્ટ ક્વોલિટી મસાલાનું વેંચાણ કરવા ફ્રીમાં જગ્યા આપી તે બદલ શ્રી પ્રણવકુમાર તેજુકાયાનો ખૂબ આભાર સાથે ધન્યવાદ! રૂા. ત્રણ લાખના મસાલાનું વેંચાણ ઉત્તમ ક્વોલીટી અને હોલસેલ ભાવ ખૂબજ વખણાયું.

સંસ્થા હવે પચ્ચીસમા વર્ષમાં પ્રવેશ કરે છે તો રજતજયંતી વર્ષ ઉજવવા મધ્ય મુંબઈનાં જ્ઞાતિજનો જોરદાર તૈયારી કરશો. નવી ટીમ માટે નામ લખાવશો. શ્રી ધનપતિભાઈ જૈન, શ્રી ચીમનભાઈ ખોના, શ્રી શાંતિભાઈ નાગડા, મયુર ધુલ્લા, ભવ્ય સોની, રૂપલ ધનેશ, કનક અજાણી, ચિરાગ લોડાયા, મલ્યા નાગડા, મીતા નાગડા, દિવ્યા જીની, અમર ખોના, ભારતી ઉત્તમ, આપ બધાના ખૂબજ સહકાર અને મહેનત બદલ આભાર.

**લી. વસંતભાઈ વિકમશી, શ્રીમતી નેહલબેન, ડૉ. મીરાબેન, ખમાબેન, અશોકભાઈના જય જીનેન્દ્ર**

# સહાય મેળવવા લાલબત્તી

સામાન્યપણે સામાન્ય જનની માનસિકતા એવી હોય છે કે જ્યાં પણ વિનામૂલ્યે કે વિના મહેનતે જે કાંઈ પણ મળતું હોય તો તેને કરો ઘર ભેગા !

પોતે મદદ માટેની સંસ્થાએ બાંધેલી મર્યાદા કરતા પણ ઘણું ય વધુ કમાતા હોય તો પણ જ્યારે ફ્રીમાં મળતી મદદ લેવા, ખોટા આંકડા રજૂ કરી સહાય સ્વીકારવા તે તૈયાર થઈ જાય છે, જેને કારણે કેટલાક વંચિતોને કે જેમને ખાસ આર્થિક સહકારની તાતી જરૂરત છે, તેઓ એમને એમ સહાય વગર રહી જાય છે અથવા ઓછી સહાયથી તેમને ચલાવી લેવું પડે છે .




તાજેતરમાં શ્રી રાયચંદ હંસરાજ પરિવારના સમાજ સ્નેહીઓએ ઉદારદિલી અપનાવી, જરૂરતમંદોની દુનિયાને પહોંચી વળવા મસમોટી સહાય જાહેર કરી છે. ત્યારે આપણે આપણા આત્માને પૂછી લઈએ કે શું મારે મદદ લેવી જ પડે તેમ છે? તો જ લઈશ. શું આપણે આપણી આવકની મર્યાદામાં રહી, નૈતિકતાનું ઉંચુ સ્ટાન્ડર્ડ રાખી, હાથ લંબાવ્યા વિના ના રહી શકીએ? આજે હાથ લંબાવવાનો સમય ગયો અને ઈલેક્ટ્રોનિક મીડિયા મારફત ખોટું જણાવી, મદદ માટે પ્રયત્ન કરવાની જરૂર નથી, જસ્ટ લિંક આપી દો એટલે બેંક ખાતામાં વિના પૂછપરછ પૈસા જમા થઈ જાય.

આવા સંજોગોમાં આપણને ખાસ આર્થિક સહકારની , ભરણપોષણ માટેની જરૂર છે. તો જ તેનો લાભ લેવો રહ્યો.

દાતા પરિવાર પાસે પૈસા વાપરવાના, ઉપયોગમાં લેવાના અને તેને અન્ય રચનાત્મક સમાજ કલ્યાણના કાર્યોમાં વાપરવાના તેમજ જાતે બાદશાહીથી પૈસા વાપરવાના, મોજશોખના અનેક રસ્તા છે તે ત્યજી, પૈસાને સમાજ કલ્યાણ માટે, આપણા સૌ કોઈની ઉન્નતિ માટે, આપણી આર્થિક ભીંસ ટાળવા ફાળવે છે. મદદરૂપ બનવાના અત્યંત ઉમદા અને ઊંચા આશયથી એવી રકમ ફાળવવા જાહેરાત કરી છે.

દાતા પરિવાર આપણા સૌ કોઈની ચિંતા કરી, આપણે કોઈ આર્થિક મુશ્કેલી અનુભવતા હોઈએ ત્યારે મદદ માટે તૈયારી દર્શાવી છે. સામાન્યપણે આપણો સમાજ, સગા, સંબંધીને પોતાની નાણાકીય કફોડી હાલત અંગે મદદ મેળવવા સંકોચ અનુભવે છે. તેમના માટે દાતા પરિવાર તેમની કપરી પળે તેમની પડખે ઊભા રહી, તેમને ટેકો આપવા માંગે છે. આવી પડેલી મુશ્કેલીનો સામનો કરવા સહાયક બનવા તત્પર છે. સ્વમાની રહી, જેવા પણ સંજોગો હોય તેનો પોતાની જ આવકની મર્યાદામાં રહી સામનો કરવા એ હિંમતવાન છે, સમર્થ છે.

કોરોના તેમજ અન્ય કુદરતી આપત્તિ વખતે કે શિક્ષણ મેડિકલ ક્ષેત્રે ઉભા થયેલા કપરા સંજોગોમાં એ દાતા પરિવાર સામે ચાલીને મદદરૂપ તો થયા જ છે. એ વખતે કઠણાઈનો સામનો કરવા ખૂબ સારી રીતે સહાયક બન્યા જ છે. તેમણે સમાજના વંચિતો માટે, જરૂરિયાતમંદો માટે, સામાન્ય વર્ગ માટે સદાય પોતાની ઝોલી ખાલી કરી જ છે, એ ઉપકારની માત્રા અને મર્યાદા ક્યારે વિસરાય તેમ નથી.

ચાલો, આજે મનોમન આપણા આત્માને પૂછીએ કે જેટલી મદદની જરૂર હોય તેટલી રકમ લીંક કરી, સ્વીકારવી અને પાછળથી આપણા ઉજળા સંજોગોમાં દાતાને પરત કરવાની તો વાત જ નથી પણ અન્ય ભાઈ ભાંડુ, જ્ઞાતિજનોને કે અન્ય માનવીને મદદરૂપ બની, દાતા પરિવારનું આપણી ઉપર બાંધેલું ઋણ ચૂકવી જ નાખીએ. આપણી માથે રાખેલું ઋણ બોજ અહીં જ હળવું કરીએ. શ્રી રાયચંદ હંસરાજ પરિવારમાં, આપના પરિવારમાં જ્ઞાતિધર્મ, પરસ્પર સ્નેહ , પ્રેમ, આદર, એકતા અખૂટ ભરેલા છે.

# ડિઝાસ્ટર મેનેજમેન્ટની ટીમ ઊભી કરવાની આવશ્યકતા

આજે જ્યારે કોમવાદ વકરી રહ્યો છે ત્યારે આપણાં જૈનોની મિલકતો, દેરાસરો વિગેરે પર આતંકવાદીઓ, ત્રાસવાદીઓ અને કોમવાદીઓના કબજાની, આંતક અને ભય ફેલાવવાની અને લૂંટમારની સંભાવના આપણને સૌ કોઈને સતાવી રહી છે. તેની અગમચેતી રૂપે આપણને કોઈપણ પ્રકારની નુકસાની ના થાય, જાનમાલ સલામત રહે તે માટે ઈમરજન્સી ઊભી થાય તે અગાઉ પાળ બાંધી લઈએ તો? તે માટે ડિઝાસ્ટર મેનેજમેન્ટની એક ટીમ આપણે તૈયાર રાખવી પડે. શ્રી અનંતનાથ દેરાસરજી ટ્રસ્ટ આ બાબત જાગૃત રહી એક ટીમ તૈયાર કરે, જેમાં ટ્રસ્ટના ટ્રસ્ટીની રાહબરી હેઠળ, સ્થાનિક ટ્રસ્ટી, ગામના બહાદુર યુવકો, પોલીસ ખાતા સાથે સંપર્ક ધરાવતા વગવાળા લોકો અને કાયદાકાનૂનની જાણકાર લોકોની એક ટીમ ઉભી કરવી એ આજના સમયની માંગ છે.

– **CA કુલીનકાંત ચાંપશી લુઠીયા**

મો.: ૯૮૨૦૦ ૩૯૪૬૯

# આશ્વાસનઃ

યુવાનોને દુનિયા નાની લાગે કારણ કે – હોંશ હોય કે ન હોય પરંતુ, જોશ આકાશને પણ આંબી લે. બે-પાંચ વર્ષ પછી સમજાયું કે જીવનમાં સંઘર્ષ ઘણો હોય છે. માત્ર બે સમયના ભોજનથી જીવન પસાર નહીં થઇ જાય. પરિવાર છે અને પરિવારની જરૂરીયાતો પણ અનિવાર્ય છે. મુંબઇ જેવા શહેરમાં રહો એટલે એમ કહી શકાય કે – મુંબઇમાં રોટલો મળે પણ ઓટલો?

યોગ્ય સમયે લગ્ન થયા અને પરિવારનો વિસ્તાર પણ વધ્યો. જેટલું કમાઇએ તેટલી આવક રોટલામાં જ સમાઇ જાય. મહા મુશ્કેલીએ પણ કરકસર કરીને પણ બેંક પુરાંત ન વધે. થોડુંક માંડ-માંડ ભેગુ થાય એટલે એક સાંધીએ ત્યાં તેર તૂટે તેવી સ્થિતિ નિર્માણ થાય.




પરિવારના એક સ્નેહીજને લાગણીમાં આવીને કહ્યું કે, આવી રીતે જીંદગી ગુજારતા તારું ઘર નહીં બને. ફરી તારી બધી જ આવક ઘરમાં જ પૂર્ણ થઇ જાય છે. મારી સલાહ માનો કે, આપણાં વડીલ બાપા બહુ જ ગર્ભશ્રીમંત છે તેને વાત કરીએ તો થોડીક મદદ કરશે તો તારું ઘર પાકું બની જશે.

સ્નેહીજનની સલાહ માની બન્ને જણાં વડીલ પાસે ગયા. વડીલે પણ બહુ જ સન્માન સાથે આગતા-સ્વાગતા કરી, પછી અહીં સુધી આવવાનું કારણ પૂછ્યું. પ્રત્યુત્તરમાં ભાઇએ કહ્યું કે – આટલાં વર્ષોના સંઘર્ષ બાદ ઘર બનાવી શક્યો નથી. બેટા! તું ચિંતા કરતો નહીં, હજી હું જીવતો છું. બેટા! તને હું કામ નહીં આવું તો બીજો કોણ તને કામ આવશે? 'આશ્વાસન' સાથે ખુશ થઇને ધોળા દિવસે ભાઇ ઘરના સ્વપ્ન જોવા લાગ્યો. ઘર જ્યારે બને ત્યારે બનવાનું જ છે પરંતુ, ઘરની કલ્પના કરીએ તો પણ આંનદ જોરદાર હોય.

આમ કરતાં – કરતાં યુવાન ૪૭ વર્ષનો થયો, એટલે કે આધેડ વયે પહોંચ્યો. હવે તો આશા પણ ઠગારી નીકળી, માત્ર વચનોથી ઘર થોડી બને? એક દિવસ ઉલટું થયું, સ્નેહીજન ઘરના વડીલને ભાઇના ઘરે લઇ આવ્યા. વડીલ પણ પીઢા રાજકારણી જેવા હતાં, તો જ આવા ઠલા વચનો આપી શકે. ભાઇએ પણ સ્નેહીજન અને વડીલની જાજરમાન આગતા-સ્વાગતા કરી સુંદર ભોજન જમાડ્યું. ભાઇને લાગ્યું કે હવે તો નિશ્ચિત મારું ઘર બની જશે એટલે જ મારા ઘરે આવ્યા છે. ભાઇએ વડીલ તરફ આશા સાથે મીટ માંડી. વડીલ પણ ચતુર હતાં તે તેમની આંખોથી સ્પષ્ટ જણાતુ હતું.

ભાઇ વારંવાર વડીલને જ જોવાથી વડીલ સમજી ગયા કે આ ભાઇ મકાન માટે કંઇક બોલશે. એ પહેલાં વડીલ સંકેત સમજી ઉત્સાહ સાથે જવાબ આપ્યો કે, તમે કેટલાં વર્ષોથી ઘરની અપેક્ષા રાખો છો, હવે હું તમને નિરાશ નહીં કરું. તમે પહેલાં રૂા. પાંચ લાખ ભેગા કરો, બાકીની ઘટતી રકમ પરિવારજનો અને સૌથી મોટી રકમ મારા તરફથી હશે. હવે તમે રૂા. પાંચ લાખ ભેગા કરો પછી મને સંપર્ક કરજો. હવે તમારું ઘર બની ગયું જ સમજો. તમે ૫૦ વર્ષના થશો ત્યારે તમારું પોતાનું મકાન હશે. ત્યારે ફરીથી હું તમારા ઘરે આવીશ અને આપણે સાથે બેસીને ભોજન લઇશું. વડીલે ત્યાંથી માનભેર વિદાય લીધી.

ભાઇ રાજીના રેડ થઇ ગયા, હાશ! હવે મકાન થઇ જશે. એટલામાં અંદરથી પત્ની આવી અને કહ્યું : અરે! મેં ઘુંઘટ ઓઢ્યું છે એનો મતલબ એમ નથી કે મારા કાન બંધ છે? તમે રૂા. પાંચ લાખ કેવી રીતે ભેગા કરશો? આટલા વર્ષો વીતી ગયા હજી બેંકમાં ૧૦ હજાર ભેગા નથી કરી શક્યા! તમે વડીલની વાતોમાં ક્યાં આવી જાવો છો? ભાઇએ કહ્યું કે – આશા અમર છે. પત્નીએ ગુસ્સામાં આવી કહ્યું કે – દીકરીઓ સાસરે જતી રહી અને દીકરાઓએ કંઇ પ્રગતિ કરી નથી. હવે રહેવા દો, 'આશ્વાસન'થી ઘર નહીં બને! મારું નસીબ જ ખરાબ છે – પારકી આશા સદા નિરાશ.

**લિ. જીજ્ઞેશ ચંદ્રકાંત લોડાયા-વારાપધર (ડોંબિવલી)**

**વિશેષ નોંધ :** પ્રકાશ સમીક્ષામાં પ્રકાશિત થતા દરેક પ્રકારના લેખ અને મંતવ્યોમાં વ્યક્ત વિચારો જે તે લેખકના છે. પ્રકાશ સમીક્ષાનું તંત્રી મંડળ તે વિચારો સાથે સહમત છે તેમ માનવું નહીં. **– તંત્રી મંડળ**

## વિગતવાર સમાચાર મોકલવા નિવેદન

જ્ઞાતિ સંસ્થાઓ, મહાજનો, મંડળોની પ્રવૃત્તિઓ અને કાર્યક્રમોના વિગતવાર સમાચારો ફોટોગ્રાફ સાથે સમાચાર વિભાગમાં પ્રકાશિત કરવા મોકલવા નિવેદન. તે ઉપરાંત વિશેષ શૈક્ષણિક, સામાજીક, સાંસ્કૃતિક તથા રમતગમત ક્ષેત્રની સિદ્ધિઓની વિગતો પણ ફોટોગ્રાફ સાથે મોકલવા વિનંતી. આપે મોકલેલા વિગતવાર સમાચારોને યથાયોગ્ય રીતે પ્રકાશિત કરવાનો અમારો પ્રયાસ રહેશે. **– તંત્રી મંડળ**

## દ્રષ્ટિ કોણ

# ભણતર સાથે ગણતરથી કરીએ ઘડતર...

એડ. કેતન મધુકાંત લોડાયા-કોઠારા (ગાંધીધામ), મો.:૯૮૭૯૫૨૨૬૪૨



**જેમ મજબૂત બિલ્ડીંગ બનાવવા માટે**
**જરૂરી છે પાયાથી ચણતર**
**તે જ રીતે જીવનના મૂલ્યોને સમજવા**
**ભણતર સાથે જરૂરી છે ગણતર.**

આપણા પૂર્વજો આજના જમાનાની જેમ ભલે ભણ્યા નહિ, પણ તેઓ કોઠાસૂઝ અને અનુભવથી ક્યારે પણ પોતાનું કામ અટકવા દેતા નહિ અને સમાજને પણ આગળ લઈ જતા. પણ આજે આપણે ભલે ગમે એટલી ડીગ્રી લીધી હોય કે ગમે એટલો ઉચ્ચ અભ્યાસ કર્યો હોય પણ ગણતર વગરનું માત્ર ચોપડીનું જ્ઞાન કેટલું કામ આવશે કે કેટલું ભણતર આપણે યોગ્ય રીતે વાપરી શકશું અને ભણતરથી જ શું આવનારા સમયનું ચણતર થશે કે ભણતર સાથે ગણતર પણ જરૂરી રહેશે? તે ચર્ચાનો વિષય છે.

**જીવનમાં બન્નેનું મૂલ્ય સરખું છે.**

ભણતર અને ગણતર ઉપર ઘણી ચર્ચા થતી આવી છે અને બે પેઢી વચ્ચેની ચર્ચામાં આ શબ્દો તો હંમેશા આવતા જ હોય છે. પણ જીવનના મૂલ્યોના ઘડતર માટે ભણતર અને ગણતરની વ્યાખ્યા કોઈ સાચી અને સચોટ આપી શકતું નથી. ક્યાંક ભણતર પણ જરૂરી છે તો ક્યાંક ગણતરની પણ જરૂરી છે અને બન્ને સાથે રાખીને અગર આગળ વધશું, તો જ સારા વ્યકિત અને સમાજનું ઘડતર શક્ય બનશે અને આવનારા સમયમાં સ્વસ્થ અને સ્વચ્છ સમાજનું નિર્માણ કરી શકશું.

**કડવા અનુભવની ઠોકરથી જ ઘડાશે....**

બે પેઢી વચ્ચેનું અંતર અને તેમના વચ્ચે મતભેદો હંમેશા રહેવાના જ છે, પણ સમય મુજબ બન્ને પેઢી સાચી જ છે. બન્ને પેઢી ભણતર અને ગણતરની વચ્ચે કોઈ નિર્ણય લઈ શક્યા નથી. તર્ક અને અનુભવથી જે નિર્ણયો લેવાના સમયાંતરે બદલાતો જાય છે. ભણતર તમને જ્ઞાની બનાવે છે અને ગણતર અનુભવી. બસ ભણતર પછી ગણતર થવા માટે સમય જતા અનુભવો અને વડીલોના અપાતા જરૂરી માર્ગદર્શન અને તેમને જીવનમાં ઠોકર વાગશે અને ક્યાંક હારશે અને તેમાંથી બોધપાઠ લઈને જીવન મૂલ્યોને સાર્થક કરવા યુવાઓને ભણતર સાથે ગણતરનું મહત્વ સમજાશે અને તેમનું ઘડતર થશે.

**જીવન મૂલ્યોનું મહત્વ સમજાવવું...**

આજની પેઢી વડીલો પ્રત્યે જે વર્તન અને વાણીનો ઉપયોગ કરે છે તે ખુબ જ ક્ષોભજનક છે અને આવનાર સમયમાં તેમના અભ્યાસમાં પણ વેલ્યુ એજ્યુકેશન વિષય ઉમેરવામાં આવ્યો છે તે દર્શાવે છે કે તેમનામાં હજી સમયસર ગણતર નહિ કરીએ તો તેમના ઉચ્ચ અભ્યાસનું ભણતર પણ તેમના જીવન નું ઘડતર કરી શકશે નહિ. વર્ચ્યુલ દુનિયાને જ પોતાની દુનિયા સમજી બેઠેલી આજની યુવા પેઢી પોતાના માતા-પિતાને પણ સમય નથી આપતા, તો તેમના વડીલોને શું સમજશે કે સમાજ માટે શું આપી શકશે? બસ એના માટે આપણે તેમના જીવનમાં એક દ્રષ્ટાંત બનીએ અને અને તેમને સમય, પૈસા અને વ્યક્તિઓનું મૂલ્ય સમજાવશું તો જ તેમના જીવન મૂલ્યોનું ભણતર સાથે ગણતરથી ઘડતર કરી શકીશું.

❖ MAHAVIR-SANTACRUZ ❖ MAHAVIR-SANTACRUZ ❖ MAHAVIR-SANTACRUZ ❖

**Full પૈસા વસુલ Offer**

**જો આયેગા વો પાયેગા-નહીં આયેગા વો પછતાયેગા**

**SALE - SALE - SALE - 20% થી 50% Discount**

- 50% Dis. હેન્ડ પારસી ગારા સાડી, દુપટ્ટા
- 30% Dis. મશીન પારસી સાડી, કુર્તી, દુપટ્ટા, Stoll, બોર્ડર.
- 30% Dis. Party Wear Saree.
- 20% Dis. રંગબેરંગી બાંધણી, દુપટ્ટા
- 20% Dis. કોટન કોટા વીવીંગ તથા એમ્બ્રોયડરી સાડી.
- 50% Dis. દાદી-નાનીને પ્રસંગમાં પહેરવા લાઈટ વેઈટ સાડી.
- 50% Dis. પ્લેન પોતમાં (અનેક વેરાયટી)
- 20% Dis. ફેન્સી મસલીન કોટન પ્રીન્ટેડ કુર્તી સેટ ( 3 pcs, 2 pcs, A/c જેવી ઠંડક આપે તેવું મટીરીયલ)
- 50% Dis. દરેક જાતનું એમ્બ્રોયડરી વર્ક તમારી પસંદગી મુજબ સાડી-ચણીયાચોળી, ડ્રેસ, ઓલ્ટ્રેશન.

**SPL OFFER :** ફક્ત સાચી જરીની સાડી, ચણીયાચોળી, ઘરચોળા, બોર્ડર, બ્લા, સેલા, ચંદરવા, પોડીયા, બજાર કરતાં વધારે ભાવથી વેંચવા જુની અને જાણીતી દુકાન.

**રોકડા રૂપિયા-સંતોષકારક વળતર-તરત જ ફાઈનલ**

**મહાવીર સારીઝ,** મોદી ચાલ, શોપ નં.૨,
સીઝન્સ શો રૂમની સામે, સ્ટેશન રોડ, સાંતાક્રુઝ (વેસ્ટ).
**M. : 91 3714 6272 / 96195 54801**

MAHAVIR-SANTACRUZ ❖ MAHAVIR-SANTACRUZ ❖ MAHAVIR-SANTACRUZ ❖

# થોડુંક જતું કરીશું તો બમણું વાળીને મળશે

મનુષ્ય સિવાય આમ તો પૃથ્વીનો દરેક સજીવ ઘણે અંશે સુખી છે. એમને ફક્ત પેટપૂજાની ચિંતા રહેવાની અને આપણી પાસે ચિંતાનું મહિનાનાં રાશનની સામગ્રી જેટલું લાંબું લિસ્ટ હોવાથી હવામાન બદલે એથી વધારે ઝડપથી જીવનમાં ઘટનાઓ આકાર પામે છે. અહીં દરેક સૂર્યોદય જીવનમાં પ્રકાશ લાવતો નથી અને કોઈવાર સૂર્યાસ્તના સમયે ઉઘડતી સવાર જેવો અહેસાસ થતો હોય.

ચંદ્રકાંત બક્ષી કહે છે, 'દરેક ઉમર જીવવાની હોય છે' પાછું યુવાનીને તો 'જીવનની વસંત' એવું આલ્હાદક ઉપનામ અપાયું છે. પંકચર પડી ગયેલી સાઈકલને ઢસડવી જ પડે એમ જો જિંદગીને ઢસડી રહ્યા છીએ એવો ભાસ થાય તો પોતાની પીઠ થપથપાવી લેવી અને ઉત્સાહ સાથે આગળ વધ્યે રાખવું. ગિવ અપ-ક્વિટ કરવામાં આપણી જાતનું આપણે નીચું અંકન કરીએ છીએ. નાનકડાં સપનાં મોટી આશાઓ અને ઢગલો કન્ફયુઝન. આપણે કોમનમેન છીએ. ભૂલો કરવામાં આપણને કોઈ ન પહોંચે. આપણે પરફેક્ટનિસ્ટ નથી. સહજતાથી જ ભૂલો કરીને પાછા ઊભા થઈ જવાની આદત રહી છે. ઘણીવાર પોતાની જ ભૂલોને આપણે સ્વીકાર કરી શકવામાં મુશ્કેલી અનુભવીએ છીએ. થોડા સમય પર ગિલ્ટી પણ અનુભવાય છે. દરેક ઉંમરે આપણો સ્વભાવ, એટીટ્યૂડ બદલાય છે. એક ઉમર હોય છે જૂઠ બોલવાની, ઉમર હોય છે ગુસ્તાખી કરવાની અને એક ઉંમરે સત્યનું વળગણ હોય છે. જો કે સત્યમાં બળ છે છતાંય આજે 'પોસ્ટ ટ્રૂથ' નો જમાનો છે. લોકો જે વાતને સ્વીકારે છે, જે વધુ લોકો કોઈ વાતને પોતાનો મત આપે છે એ વાતને સત્ય માનવામાં આવે છે.

જીવન એક ઉપલબ્ધિ છે, તેને સ્પેશિયલ ટ્રીટમેન્ટ આપવી જ પડે ! શારીરિક સ્વસ્થ શરીર સાથે તંદુરસ્ત મન જોઈએ. મોરારિબાપુ કહે છે કે, કોઈ એક કલાનું વળગણ તમારા જીવનમાં રાખો. સાચું જ છે. એકાદ કલામાં આપણું એક્સપર્ટાઈઝેશન, આપણા મર્યા પછી પણ આપણે કરેલી કલાની સાધના વધારે આયુષ્ય ભોગવશે. અઠવાડિયામાં ત્રણેક કલાકની આરાધના કરવાથી માનસિક સ્વસ્થતા સારી રહે છે અને આપણી સંવેદનાને વહેણ મળે છે.

જૂના થઈ ચૂકેલાં સપનાંને ફરી પૂર્ણ કરવા મથવું. બાળપણનો તબક્કો લગભગ દરેક જણને પ્રિય હોય. તેથી જૂના પાક્કા મિત્રને કોલ કરી લેવો અને ગપ્પાં મારવાં, શહેરની મનપસંદ જગ્યા પર જઈ આવવું. આવું કરવાથી સ્ટ્રેસ લેવલ નીચું જશે અને સમસ્યા રહે તો અજાણી ભાષાનું ગીત જોરથી વગાડીને નાચવું (તા.ક.) આ કોઈ અમાનવીય હરકતોના લિસ્ટમાં સામેલ નથી.

આખી જિંદગી ફિલોસોફીના પાયા પર પસાર થઈ શકે નહીં. પ્રેક્ટિકલ એપ્રોચની સાથેસાથે સંબંધોને લાગણીથી ઉછેરવાના છે. કોમ્પ્રોમાઈઝ કરી લેવામાં બીજી વ્યક્તિને આનંદ મળી શકે તો થોડુંક જતું કરવામાં કશુંય ખોટું નથી. યોગ્ય સમયે પરિશ્રમ કર્યા બાદ આપણું વાવેલું મળી જ રહેશે. આવો વિશ્વાસ આપણે સફળ બનતા નહીં રોકે.

બાકી આપણી સમસ્યાઓ ટેમ્પરરી જ છે એવું માનવું. સમસ્યાનાં ગીતો ગાવાથી તે ઘટશે નહીં બલકે લોકો મફતમાં એન્ટરટેઈન થશે. બાકી વધીને બે શબ્દ સાંત્વનાના કહેશે, એથી વધુ શું ? ક્યાંક વાંચેલું કે તમારી ખુદની સમસ્યાની દુકાન ખોલવી નહીં, સામી વ્યક્તિને તેની પ્રોબ્લેમ શેર કરવાનો મોકો આપવો.

દરેકની પાસે જીવન જીવવાની પોતીકી રીત હોય. કોફી ટેબલ પર ક્યારેક હળવા થઈ શકાય તો ક્યારેક કોઈના ખભા પર. આપણા પ્રેજયુડાઈસ અને ઈગો આપણે વધુને વધુ અઘરા બનાવવા મથે છે. આમ તો દરેક યુગમાં માણસ સૌથી વધુ ઈમ્પોર્ટેન્સ લાગણીને આપતો રહ્યો છે. ત્યારે ઈમોશન્સ પર નિયંત્રણ રાખવામાં હિત છે. માણસ લાગણીઓ ઝંખે છે. લાગણીઓ સનાતન છે.

**-રૂચી ગોર (ટૂ ધ પોઈન્ટમાંથી સાભાર)**

### જાહેરાતદારોને નિવેદન

આપ જ્યારે જાહેરાતની મેટર મોકલાવો ત્યારે તેની સાથે બીલ કોના નામનું જોઇશે તે જણાવશો. સાથે આપનું સરનામું, કોન્ટેન્ટ પર્સનનો મોબાઇલ નંબર અચૂક મોકલવા વિનંતી. પેમેન્ટ મોકલ્યા પછી પેમેન્ટ ટ્રાંજેક્શન સ્લીપ કે પે સ્લીપ સાથે મોબાઇલ નંબર મોકલવા જેથી રકમ આપના ખાતામાં જમા લઇ શકાય.

**શાંતિભાઈ એટલે જ સાડીઓના માસ્ટર માઈન્ડ**

નિષ્ણાંત નજર, સાડી અને વર્કની પરખ, વર્ષોનો અનુભવ એટલે જ સાડી પારસી વર્ક, હોય કે જીક કસબ કે પીટા વર્ક કે બટ કસબ. હાથ વર્ક અને મશીન વર્કની સાડીઓનો રેડી સ્ટોક. વળી ઓર્ડરથી તો બનશે જ અને અલ્ટ્રેશન પણ કરી આપવામાં આવશે. સાચી જરીની સાડીઓ વેચી આપવામાં આવશે. અમારી બીજી કોઈ શાખા નથી

Sonal ART

**સોનલ આર્ટ-(થાણા) Mob.: 99678 41792**

'શિવમ', ડી-૨૦૧/૨૦૨, રઘુનાથ નગર, વાગલે એસ્ટેટ, રોડ નં. ૯, શિવસેના ઓફીસની સામે, થાણા-૪૦૦ ૬૦૪.

# સંબંધમાં નફો નુકસાન

સડક કિનારે એક ૧૨-૧૩ વર્ષ ની દીકરી તરબુજ વેચતી હતી,,, વિશાલે ગાડી રોકી પૂછ્યું બેટા તરબુજ કેમ આપ્યા..??

... દીકરીએ કહ્યું એક નંગના ૫૦ રૂપિયા સાહેબ, પાંચેક કિલા વજન હશે,

... પાછળ ની સીટ પર બેઠેલી તેની પત્ની ભાવિકા એ કહ્યું... આટલા મોંઘા, ચાલો આગળથી લઈશું.... વિશાલે કહ્યું ક્યાં મોંઘા છે,, બજારથી તો તું વીસ રૂપિયા કિલોમાં લઈ આવસ.

... ભાવિકાએ કહ્યું તમને ના ખબર પડે,, મને ભાવ તાલ કરવા દો... દીકરીને કહ્યું ૩૦નું નંગ આપવું હોય તો આપ નહિંતર કંઈ નય...

... દીકરી બોલી આંટી ૪૦ નું તો મને પડે છે,, ચાલો ૪૫ આપી દેજો... એનાથી સસ્તું નહી આપી શકું....!!

... ભાવિકા બોલી ખોટું ન બોલ.. મેં તારો નાના ભાઈ જેવો છે, એના માટે થોડું સસ્તું  કરી આપ.. આમ કહી પોતાના ખોળામાં બેઠેલા ચાર વર્ષના દીકરા તરફ ઈશારો કર્યો..

... સુંદર બાળકને જોઇને.. દીકરી ગાડી તરફ આવી.. ગાલ પર હાથ ફેરવી કહ્યું સાચેજ મારો ભાઈ ખૂબ સુંદર છે આંટી.

... ભાવિકાએ કહ્યું બેટા દીદીને નમસ્તે બોલ,,, બાળકે પણ પ્યારથી નમસ્તે દીદી..કહ્યું.

... દીકરીએ દરવાજો ખોલી બાળકને તેડી લીધું.. પૂછ્યું ભાઈ તારું નામ શું છે..?? દીદી મારું નામ ગોલુ છે... કહ્યું સાચેજ તું ગોળમટોળ છે મારા ભાઈ,,, તરબુજ ખાઈસ..?

... એમ કહી એક તરબુજ લાવી ભાઈના હાથમાં આપ્યું,,, પરંતુ વજન હોવાથી હાથમાંથી નીચે પડી ત્રણ ચાર ટુકડા થઈ ગયા,, ગોલુથી પડી ગયું એટલે રડવા લાગ્યો.

... બેન બોલી અરે ભાઈ રડ નય, હૂં બીજું લાવી આપું, એમ કહીને રેંકડી પર લેવા ગઈ, ત્યાં સુધીમાં ભાવિકાએ ગોલુ ને અંદર લઈ લીધો, દરવાજો બંધ કરી દીધો.

...દીકરી આવી, ખુલા કાચમાંથી તરબુજ આપતા બોલી.. લે ભાઈ આ મીઠું નીકળશે... વિશાલ આ બધી હરકત જોઈ રહ્યો હતો.

... ભાવિકાએ કહ્યું જે તૂટ્યું છે એના પૈસા નહી આપું, એ તો તારી ભુલ હતી.

... દિકરી હસતા હસતા બોલી આંટી બન્નેમાંથી એકેયના પૈસા નથી જોતા, મેં તો મારા ભાઈને આપ્યું છે... આટલું સાંભળી વિશાલને તેની પત્ની બન્ને ચોંકી ઉઠ્યા,, કહ્યું બેટા બન્નેના પૈસા લઈ લે.. એમ કહી સો રૂપિયા હાથેથી લંબાવ્યા, દિકરી ઝડપથી રેંકડી પાસે જતી રહી.

... વિશાલ નીચે ઉતરી પાસે આવી કહ્યું બેટા પૈસા લઈ લે, તારું ખૂબ નુકસાન થઈ જશે.

... દિકરી બોલી... મા કહેતી કે જ્યાં સંબંધની વાત આવે ત્યાં નફો નુકસાન નહી જોવાનું... તમે ગોલુને મારો ભાઈ કહ્યો, મને ખૂબ ગમ્યું... મારે પણ ગોલુ જેવોજ ભાઈ હતો પરંતુ....

... વિશાલે કહ્યું શું..શું થયું હતું તારા ભાઈ ને..? કહ્યું કે જ્યારે એ બે વર્ષ નો હતો ત્યારે રાત્રિના તાવ આવ્યો હતો, સવારે મા હોસ્પિટલ લઈ જાય તે પહેલાજ શ્વાસ છોડી દીધો હતો,, એના એક વર્ષ પહેલા પાપા પણ અમને મૂકીને જતા રહ્યા.. અંકલ મને મારા ભાઈની ખૂબ યાદ આવે છે.

... ભાવિકાએ કહ્યું બેટા પૈસા લઈલે... આંટી હૂં પૈસા તો નહિં જ લઉં.

... ભાવિકા ગાડીમાં ગઈ પોતાની બેગમાંથી એક પાઝેબ (ઝાંઝર)ની  જોડ કાઢી, જે પોતાની આઠ વર્ષની દીકરી માટે આજેજ ત્રણ હજારમાં ખરીદી હતી,,, દીકરીને દેતા બોલી.. તેં ગોલુને ભાઈ માન્યો છે ને તો હૂં તારી મા કહેવાઇસ,,તો તું ના ન કહેતી.

... દીકરીએ હાથ ન લંબાવ્યો તો જબરદસ્તી દીકરીના ખોળામાં ઝાંઝર મૂકતા બોલી, રાખી લે બેટા.. જ્યારે પણ પહેરીશ ત્યારે અમારી બધાની યાદ આવશે... આટલું કહી ઝડપથી ગાડીમાં બેસી ગઈ.

... દીકરીને બાય કહેતા વિશાલે ગાડી સ્ટાર્ટ કરી, ગાડી ચલાવતા ચલાવતા વિચારી રહ્યો હતો કે ભાવુકતા શું ચીજ છે, થોડા સમય પહેલા પોતાની પત્ની દસ વીસ રૂપિયા બચાવવા માટે બાંધ છોડ કરી રહી હતી, ને થોડીજ ક્ષણોમાં આટલી બદલાઈ ગઈ.. જો તો ખરા,,ત્રણ હજારનું પાઝેબ (ઝાંઝર) આપી દીધું...!!

... ત્યાંજ અચાનક વિશાલને દીકરીની વાત યાદ આવી... કે સંબંધમાં નફો કે નુકસાની ન જોવાય...

... વિશાલને થોડા વર્ષોથી પ્રોપર્ટી બાબતે પોતાનાજ

ભાઈ સાથે કેસ ચાલી રહ્યો હતો..

... તરતજ ભાઈને ફોન લગાવ્યો કહ્યું.. ભાઈ હૂં વિશાલ બોલું છું, સામેથી ભાઈએ કહ્યું... ફોન કેમ કર્યો..? વિશાલે કહ્યું ભાઈ મેઈન માર્કેટવાળી દુકાન તું રાખી લે, બજારવાળી હૂં રાખીશ, અને હા મોટો પ્લોટ તું રાખી લે જ્યારે નાનો પ્લોટ હૂં રાખી લઈશ.. હૂં કાલે જ આપણો કેસ ચાલે છે એ પાછો ખેંચી લઈશ...

... સામેથી થોડો સમય અવાજ જ ના આવ્યો, પછી મોટાભાઈએ કહ્યું,છોટુ આમ કરવાથી તો તને ખૂબજ નુકસાન થશે...?

... ત્યારે વિશાલે કહ્યું આજ મને સમજાણું છે કે સંબંધમાં નફો કે નુકસાન ન જોવાય, એક બીજાની ખુશી જોવાની હોય,,, ફોનમાં સામેથી એકદમ ખામોશી છવાઈ ગઈ, થોડી ક્ષણો પછી વિશાલને સામેથી મોટા ભાઈનો રડવાનો અવાજ સંભળાયો, વિશાલે કહ્યું રડી રહ્યા છો ભાઈ...?

... મોટાભાઈએ કહ્યું એટલા પ્રેમથી વાત કરી હોત તો બધું જ તને આપી દેત, ... ઘરે આવીજા પ્રેમથી બેસીને વાતો કરીશું.

... આટલી કડવાહટ ...થોડા મીઠા શબ્દો બોલતા ક્યાં ચાલી ગઈ, ખબર જ ન પડી...

કાલે.. જો એક ઈંચ જમીન માટે લડતા હતા... એ આજ બધુજ દેવા તૈયાર થઈ ગયા.

**કહાનીનો સાર**

ત્યાગની ભાવના રાખીએ. અગર હંમેશા આપવા માટે તત્પર રહીશું તો સામેવાળાનું હૃદય પરિવર્તન થશે જ. સંબંધમાં ક્યારેય નફો કે નુકસાન નહીં જોવાનો.

**મિત્રો, અપનોકો કરીબ રખને કે લિયે અહંકાર છોડકર, નીષ્પક્ષ પ્રેમ કરના પડતા હૈ...**

**મોકલનાર : કુમાર બાબુભાઈ દંડ**
**તેરા(ભાંડુપ)**

### Note to Advertisers

Please send billing Name, Address and Contact Person Name & Mobile No for Advt. with matter.

After made payment of the Advt. send the payment transaction slip or pay slip with your name & contact No. For Accounting Process.

**આરોગ્ય પ્રકાશનું અનુસંધાન   પાના નં.૯થી**

આરોગ્યદાયી નથી. કોર્નફ્લેક્સ ચોખાના પૌવા કરતાં ઓછું પોષણ ધરાવે છે કારણ તેમાં પ્રોટીન, કેલશ્યમ, મેગ્નેશ્યમ, આયર્ન જેવા ખનિજ તત્ત્વો ખૂબ જ ઓછા હોય છે. આમ નાસ્તામાં કોર્નફ્લેક્સને બદલે દૂધપૌઆ, બટેટા પૌઆ, ઉપમા, મગ જેવો પોષ્ટીક આહાર લ્યો.

**(૫) માઈક્રોવેવ :** આજે ઘરના રાચરચીલામાં માઈક્રોવેવને પણ સ્થાન મળ્યું છે જ. સર્વિસ કરતી ગૃહિણી અગાઉથી બનાવી રાખે કે બહારથી તૈયાર લાવેલ વાનગીને ગરમ કરવા માઈક્રોવેવ ખૂબ ઉપયોગી લાગે છે. ઉપરાંત કેક, બિસ્કીટ, પીઝા, ગ્રીલ કરી બનતી વાનગી માટે તેમજ નટ્સને શેકવા (રોટ્સ) કરવા વપરાય છે. ઘણી ઓફિસોમાં પણ જમણ ગરમ કરવા માઈક્રોવેવ રખાયેલું હોય છે. માઈક્રોવેવ રેડીએશનની મદદથી ગરમ કરવાનું કાર્ય કરે છે જે ખોરાકના સત્વોને બાળે છે, નષ્ટ કરે છે તેમજ તે આરોગ્ય માટે નુકશાનકારક છે. તેમાં કાચના વાસણને બદલે પ્લાસ્ટીકના વાસણ વપરાય તે કેન્સરકારક છે. રોજ બરોજ વાપરી સરખી સફાઈ ન થાય તો તેમાં અનેક જીવાણું-ફર્મીક્યુટ્સ, એક્ટિનો બેક્ટેરીયા, ક્લેવસિએલા, એન્ટરકોક્સ અને એરોમોનાસ જેવા સુક્ષ્મ જીવો પેદા થાય છે. આમાં જે ખોરાક ગરમ કરાય તેમાં તે ભળે અને ખોરાક સાથે આપણા પેટમાં જઈ આરોગ્ય બગાડે માટે માઈક્રોવેવનો મોહ છોડો, અતિ જરૂરિયાત પુરતું જ વાપરો.

**નમ્ર નિવેદન :** જ્ઞાતિજનો, સંસ્થાઓ તથા મહાજનોને નિવેદન છે કે સમાચાર, જાહેરખબર કે અન્ય માહિતી મોકલતી વખતે ઈ-મેલમાં આપનો કોન્ટેક્ટ નંબર લખવો. **- તંત્રી મંડળ**


**કલા – કસબ અને કલરનો અનોખો સમન્વય**

**જ્યોતિ** **Matunga (E)**

**Since 1976**

**for Exclusive Gharchola, Bandhni, Border, Patola, Sarees & Chania Choli**

Ph.: 022-2404 3995 / 83692 52836
Follow us on instagram @jyotisaree

**જ્ઞાતિને સ્પર્શતા સમાચારો ટૂંકમાં પાનાની એક બાજુએ સારા અક્ષરે કાર્યક્રમ પૂર્ણ થાય કે તરત લખી મોકલવા વિનંતી.**

### શ્રી કદઓ દેવલાલી નાસિક સેવાભાવી જૈન સંઘ



શ્રી સંઘ દ્વારા ત્રિદિવસીય ચૈત્ય પરિપાટી સહ પર્યટન પ્રવાસ સહેલનું આયોજન તા. ૨૪થી તા. ૨૫ સપ્ટેમ્બર સુધી કરાયું. જેમાં ૭૫ યાત્રિકો જોડાયા હતા. શ્રી દેવલાલી તીર્થે દેવદર્શન ગુરૂવંદન કરી શ્રી શંખેશ્વર પાર્શ્વનાથ દેરાસર પાસેથી બસ દ્વારા યાત્રા પ્રસ્થાન કરેલ. શ્રી સંગમનેર તીર્થે શ્રી કેસરીયાજી ધામ કરાડ, દેવદર્શન અને સામુહિક ચૈત્યવંદન શ્રી કુંભોજગિરી જહાજ મંદિર, પન્હાલા તીર્થ, શ્રી મહાલક્ષ્મી મંદિર અને જિનાલયે દેવદર્શન તથા શ્રી સિરોલી તીર્થે શ્રી સિમંધર સ્વામી જીનાલયે દેવદર્શન વંદન કર્યા હતા.

સંપૂર્ણ આયોજનની જહેમત શ્રી કચ્છી દશા ઓશવાલ દેવલાલી નાસિક રોડ સેવાભાવી જૈન સંઘના પ્રમુખ શ્રી મુકેશભાઈ જાધવજી ધરમશી તથા તેમની ટીમે કરી હતી.

### રચના મહિલા મંડળ



આ વર્ષનો ક્ષમાપનાનો વાર્ષિક પ્રોગ્રામ તા. ૨૮.૯.૨૦૨૪ ના યોજવામાં આવેલ. જેમાં એકબીજાને ખમ્મત ખામણા કરી, તપસ્વીઓનું બહુમાન કર્યું તથા મંડળ વિશે સંક્ષિપ્તમાં અહેવાલ રજૂ કરવામાં આવ્યો.

વિજયાબેન વિજય વિકમશીનું પ્રમુખ પદ પૂર્ણ થતા, નવા પ્રમુખ તરીકે હર્ષાબેન પ્રતાપ ધરમશી ને આ પદ અર્પણ થયું. સેક્રેટરી તરીકે હેતલ ગિરીશ ધરમશી અને ખજાનચી તરીકે પોલોમી યોગેશ ધરમશી ની નિમણૂક કરવામાં આવી. આ પ્રોગ્રામમાં ''લા કાર્નિવલ'' ગેમ કલ્પનાબેન ધરમશી અને એમની ટીમે રમાડી હતી. જીતવાવાળી ટીમને ઇનામ આપ્યા, જેના દાતા શ્રીમતી હર્ષાબેન ધરમશી હતા. સાથે પાંચ લકી ડ્રો પણ હતા. મંડળના ૭૦ મહિલા મેમ્બરોએ ઉમળકાભેર ભાગ લીધો હતો.

### શ્રી ભગવતી મહાકાલી મંડળ - હુબલી



મંડળ દ્વારા ૨૮મા નવરાત્રી ઉત્સવની ઉજવણી તા. ૩.૧૦.૨૦૨૪થી તા.૧૨.૧૦.૨૦૨૪ સુધી શ્રી શાંતિલાલ રામજી લાલકાના નિવાસ સ્થાને થયેલ જેમાં બહોળી સંખ્યામાં પધારી રાત્રે ૮ થી ૧૦ દરમ્યાન ભક્તિ ગીતોની રમઝટ બોલાવી હતી. ભાવનાની મધ્યમાં સરપ્રાઈઝ પ્રશ્નો તથા 'જરા ભેજું કસી જુઓ'ના પ્રશ્નો પુછી દરરોજ દસ વિજેતાઓને ભાઇશ્રી નેવીલ નારાણજી લોડાયા તરફથી અવનવી ભેટો આપવામાં આવેલ.

ભાવના બાદ KDO RESIDENCY પરિવારના સહુ સભ્યોએ રાસ ગરબાનો આનંદ માણ્યો હતો.

વિજયાદશમીના સવારે જ્ઞાતિજનો બહોળી સંખ્યામાં હાજરી આપી આરતી નો લાભ લીધેલ.

### ભુજ મધ્યે શ્રી મહાકાળી માતાજીની ભાવના

નવનીત નગર-કોવઇનગર-ભુજ મધ્યે પૂજય સાધ્વીશ્રી દિવ્યકિરણાશ્રીજી મહારાજ સાહેબ તથા પૂજય સાધ્વી હર્ષકિરણાશ્રીજી મહારાજ સાહેબની શુભ પાવન નિશ્રામાં શ્રી મહાકાળી માતાજીની ભાવના શ્રી મહેશભાઇ ચત્રભોજ લોડાયા પરિવાર દ્વારા યોજાઇ હતી.

ભાવનામાં પ્રબોધ મુનવર, લલીત ડાઘા, અનીલ શાહ, ગીતાબેન લોડાયા, જયાબેન મુનવર, અમિતા જૈન, હર્ષા શાહ, હેતલ મોમાયા, માલતી ડાઘાએ રમઝટ જમાવી હતી.

આ પ્રસંગે શ્રી લહેરીભાઇ છેડા, લક્ષ્મીકાંતભાઇ કારાણી, હસમુખ શેઠીયા, મહેશભાઇ લોડાયા, હીરાચંદ

છેડા, મહેન્દ્રભાઈ લોડાયા, કાન્તીલાલ પોલડીયા સહિત આગેવાનો તથા શ્રાવક-શ્રાવિકાઓ વિશાળ સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.

### અનંત ડાયગ્નોસ્ટિક સેન્ટર

શ્રી કદઓ જૈન જ્ઞાતિ મહાજન મુંબઈ સંચાલિત શેઠશ્રી નરશીનાથા મેડીકલ ટ્રસ્ટની અનંત પેથોલોજી લેબમાં વધુ નવી સવલતોનું તા. ૬ ઓક્ટોબર ૨૦૨૪ના દિને લોકાર્પણ કરવામાં આવ્યું હતું. સ્મરણીય છે કે તા. ૧૬ જુલાઈ ૨૦૧૭ના દિને તત્કાલીન નરશીનાથા ટ્રસ્ટના ચેરમેન હીરાલાલભાઈ ડાઘાના નેતૃત્વમાં અનંત પેથોલોજી લેબ શરૂ કરવામાં આવી હતી. પેથોલોજી લેબમાં હવે ઈસીજી, એક્સ-રે, સોનોગ્રાફી જેવી નવી સુવિધાઓ શરૂ કરવામાં આવી છે. ગૌશાળા રોડ, મુલુંડ વેસ્ટમાં આવેલી 'શાંતિ હાઈટ્સ' બિલ્ડીંગમાં ટ્રસ્ટના નવા સુકાની કુમારભાઈ દંડ અને સાથીઓના પ્રયાસના પરિણામે વધુ સુવિધાઓ શરૂ થઈ છે. ડાયગ્નોસ્ટિક સેન્ટર પ્રાતઃ ૭.૩૦ થઈ રાત્રી ૯.૦૦ વાગ્યા સુધી ચાલુ રહેશે. આ સિવાય ઘેરબેઠા પણ આ સ્વલતનો લાભ લઈ શકાશે.

લોકાર્પણ કાર્યક્રમમાં મુંબઈ મહાજન પ્રમુખ નયનભાઈ ભેદા, સમસ્ત મહાજનના મેનેજીંગ ટ્રસ્ટી પ્રવીણભાઈ હંસરાજ લોડાયા, જયંતભાઈ છેડા, નરેન્દ્રભાઈ દંડ, પૂર્વ સંચાલક હીરાલાલભાઈ ડાઘા, અનંતનાથ ટ્રસ્ટના ટ્રસ્ટીઓ રાજેશભાઈ, દેવેનભાઈ, મનોજભાઈ ઉપરાંત મુંબઈ મહાજન વ્યવસ્થાપક સમિતીના સભ્યો, અરિહંત બેંકના વાઈસ ચેરમેન ડોલરભાઈ શાહ, પિનાકીનભાઈ, માનવજ્યોતના કુલીનભાઈ લુઠીયા સહિત જ્ઞાતિજનો મોટી સંખ્યામાં હાજર રહ્યાં હતા.

### શ્રી અચલગચ્છ જૈન સંઘ-હૈદ્રાબાદ





સંઘના ચેરમેન રમણીક નાગડા અને મેનેજીંગ ટ્રસ્ટી પોપટલાલ છેડાએ જણાવ્યું છે કે શ્રી જીનેશ્વરધામના પ્રેરક આ.ભ.શ્રી કલાપ્રભસાગરસૂરીશ્વરજી મ.સા.ના આશિર્વાદથી સરળ સ્વભાવી પૂ.સા.શ્રી. કલ્પરસાશ્રીજી મ.સા., સા.શ્રી હિતદર્શાશ્રીજી મ.સા., સા.શ્રી યોગદ્રષ્ટીશ્રીજી મ.સા. આ.ઠા.-૩ની ચાતુર્માસ શુભનિશ્રામાં સામુહિક શાશ્વતી નવપદ ઓળી આરાધના રામકોટ, કચ્છી ભવનમાં કરવામાં આવેલ એ પ્રસંગે શ્રી ચંદ્રકાંત શાહ, શ્રી રિદ્ધીશ જાગીરદાર, શ્રી પદમ કોઠારી, શ્રી પદમ છેડા તથા અન્ય જ્ઞાતિજનો ઉપસ્થિત હતા. (૧ ફોટો)

### અમદાવાદ મહાજનની નવી કારોબારી

કદઓ જૈન જ્ઞાતિ મહાજનની તાજેતરમાં યોજાયેલી વાર્ષિક સામાન્ય સભા (એજીએમ)માં નવી સંયુક્ત કારોબારીના પ્રમુખ જીતેન્દ્ર દેવજી ખોના, મા. મંત્રી, રાજેશ ખીમચંદ ધરમશી, ઉપપ્રમુખ શ્રીમતી માલાબેન પ્રફુલભાઈ ધરમશી, ઉપપ્રમુખ તિલકભાઈ ઉમરશી ભારાણી (ખોના), ખજાનચી દેવેશભાઈ દિલીપ દંડ, સહમંત્રી કેતનભાઈ નરેન્દ્ર લોડાયા, સહમંત્રી સંજયભાઈ શાંતિરલાલ છેડા, સંદિપભાઈ નવીનચંદ્ર મોતા, ઉપરાંત સહ ખજાનચી બ્રિજેશ લક્ષ્મીચંદ ધુલ્લા, જવેરભાઈ મૂલજી લાલકા, ગિરીશભાઈ લક્ષ્મીચંદ દંડ, પ્રશાંતભાઈ મહેન્દ્ર ખોના, હેમેન્દ્રભાઈ કાનજી ધરમશી, ઉમેશભાઈ નારાણજી મૈશેરી, જયેશભાઈ કિશોર લાલકા, દેવેન દિલીપભાઈ દંડ અને સચીનભાઈ તિલકચંદ લોડાયાના નામ ચૂંટણી પંચ અધિકારી ચંદ્રકાંતભાઈ પોલડીયા, જિજ્ઞેશભાઈ મૈશેરી અને નવીનભાઈ લાલકા દ્વારા મહાજન અને ટ્રસ્ટી મંડળ માટે જાહેર કરાયા હતા.

### અમદાવાદ મહાજન અંતરીક્ષજી ચૈત્ય પરિપાટી

અમદાવાદ મહાજન દ્વારા અંતરીક્ષજી પાર્શ્વનાથ તીર્થ અને ખાનદેશ ચૈત્ય પરિપાટી સહિત પંચતીર્થ યાત્રાનું આયોજન કરવામાં આવ્યું હતું. પંચતીર્થીમાં સમાવેશ કરાયેલ પારોલા, જલગામ અને ચાલીસગામ તીર્થદર્શન કરવામાં આવ્યા હતા.

### મહિલા મંડળ નવયુગ યૂથ અમદાવાદ

કદઓ મહિલા મંડળ અમદાવાદ અને કદઓ નવયુગ યૂથ ફોરમ અમદાવાદ દ્વારા ચૌવિહાર અને સાધર્મિક ભક્તિ ઉપરાંત છપ્પન ભોગ ધરાવી મહાકાળી માતાજીની ભાવના અને ચક્રેશ્વરી માતાજી અને અંબાજી માતાજીની તસવીર સિંહાસના રૂઢ કરવામાં આવી હતી.



## પાસ થયા અભિનંદન

**સૌ. મોનિકા દર્શનકુમાર ભરત મુનવર**
કોઠારા (દિવા)
MBA(FM) NMIMS College



# વતનના વર્તમાન

સંકલન : કેસરસિંહ ખોના

### હર્ષ શિયાલનું સર્વોદય મંડળ દ્વારા બહુમાન

દલતુંગી-જામનગરના મુલુંડ નિવાસી હર્ષ ચંદ્રેશ શિયાલનું કદઓ જૈન સર્વોદય મંડળ, મુલુંડ દ્વારા ભારતમાં અલ્પ પ્રયુક્ત પર્વતીય પર્યટન માટે બહુમાન કરવામાં આવ્યું હતું. ભાઈ હર્ષ તાજેતરમાં પોતાના વયોવૃદ્ધ દાદી સહ પરિવારને હિમાચ્છાદિત હિમાલયના પ્રવાસે લઈ ગયા હતા. ભાઈ હર્ષે યાત્રા વિશે ચર્ચા કરતાં કહ્યું હતું કે આવા પ્રવાસમાં ઘણું શીખવા મળે છે.

### ગદગ સ્કુલમાં નિસર્ગ કુટીર

સ્ટેટ ઓફ ધ આર્ટ સીડીઓ જૈન ઈંગ્લીશ મીડીયમ સ્કુલ ગદગ ખાતે બે અત્યંત અદ્યતન સવલતોનું ઉદ્‌ઘાટન કરવામાં આવ્યું હતું. વરાડિયાના હુબલી નિવાસી ભાવિન માધવી મહેન્દ્ર વિકમશીની સ્મૃતિમાં વિકમશી પરિવાર દ્વારા રૂા. ૧૧૦૦૦૦૦/- (રૂા. અગિયાર લાખ)ના ડોનેશન સાથે પ્રાકૃતિક/નિસર્ગ કક્ષાની અવધારણા પણ મૂર્તિમંત કરી છે.

બારોઈના ગદગ નિવાસી શ્રીમતી પ્રીતિ પ્રદીપ ખોના પરિવાર શ્રીમતી જવેરીબાઈ સોમચંદ ખોના દ્વારા રૂા. ૩૦૦૦૦૦/- રૂા. ત્રણ લાખ ડોનેટ કર્યા હતા. તેમણે પ્લે હોમ સામગ્રીનું ઉદ્‌ઘાટન કર્યું હતું. બન્ને અવસરે સારી સંખ્યામાં લોકો ઉપસ્થિત રહ્યા હતા.

### શ્રીમતી બિનાયફર વિકમશી



Benaifer Vikamsey

Type of Art: Realism Art

તા. ૨૫થી ૨૭ ઓક્ટોબર સુધી બોમ્બે એક્ઝીબીશન સેન્ટર, નેસ્કો ગોરેગાંવ ખાતે આયોજીત THOA આર્ટ એક્ઝીબીશનમાં શ્રીમતી બિનાયફર વિકમશી ભાગ લઈ પોતાની કલાકૃતિઓ પ્રદર્શિત કરશે.

### ગુજરાત હાઈકોર્ટના નવા ન્યાયાધીશ

મહામહિમ રાષ્ટ્રપતિ શ્રીમતી દ્રૌપદી મુર્મુજીએ ગુજરાત હાઈકોર્ટના એડવોકેટ સંજીવ જયેન્દ્ર ઠાકર, દીપ્તેન્દ્ર નારાયણરાય અને મૌલિક જીતેન્દ્ર શેલતને ગુજરાત હાઈકોર્ટના ન્યાયાધીશ નિયુક્ત કર્યા છે. હાઈકોર્ટના ચીફ જસ્ટીસ માનનીય સુનિતાજી અગ્રવાલે શપથ લેવડાવ્યા હતા.

### તેરા તીર્થે બારા ચોકડી સર્કલ નિર્માણ

તેરા તીર્થના શામળીયાજી જિનાલયની દ્વી શતાબ્દી મહોત્સવ પ્રસંગે તેરા-બાડા ચોકડીએ શાનદાર સર્કલનું નિર્માણ કરવામાં આવ્યું છે.

સર્કલ નિર્માણાર્થે માતુશ્રી નિર્મળાબેન પ્રતાપરાય ખોના-તેરા (દાદર) હસ્તે રાજેશ, મીનલ અને વિજય ખોના તથા માતુશ્રી સુમન કારા-માંડવી (ચર્ચગેટ) હસ્તે રાજેન કારા તરફથી આર્થિક સહકાર મહાજનશ્રીને પ્રાપ્ત થયો હતો. સાથે જ ચોકડીથી પાંજરાપોળ માર્ગ પર ૩૦૦ વૃક્ષ રોપવામાં આવ્યા. જેના રક્ષણ માટે ૧૦૦ ટ્રીગાર્ડ સર્કલ દાતાઓ અને કે જે સોમૈયા ટ્રસ્ટ દ્વારા પ્રદાન કરાયા હતા.

### ભુજ મહાજન દ્વારા ચૈત્ય પરિપાટી

કદઓ જૈન જ્ઞાતિ મહાજન દ્વારા વર્ધમાન નગર ભુજથી તલવાણા, રાયણ, માંડવી શિવમસ્તુ સાધના કેન્દ્ર, બાડા, વરાડિયા, સુથરી, કોઠારા, રાપર ગઢવારી, સાંધવ, મંજલ રેલડીયા મળે બે દિવસીય ચૈત્ય પરિપાટીનું આયોજન કરવામાં આવ્યું હતું.

### ડૉ. હરીશ ગઢવીને નાસાનો પુરસ્કાર

કાઠડા તા. માંડવીના અમદાવાદ નિવાસી ઈસરોની ફિઝીકલ રીસર્ચ લેબોરેટરીના આસી. પ્રોફેસર ડૉ. હરીશ શિવરાજ ગઢવીને પૃથ્વીના વાતાવરણમાં પ્રદુષણના સ્તર બાબતે ચાલી રહેલા મિશનમાં નોંધપાત્ર કામગીરી માટે નાસા (યુએસએ) દ્વારા ગ્રુપ એચીવમેન્ટ એવોર્ડ એનાયત કરાયો છે.

### ૨૦૦૧નો ધરતીકંપ બ્લાઈન્ડ ફોલ્ટના લીધે?

ક્રાંતિવીર શ્યામજી કૃષ્ણ વર્મા કચ્છ યુનિવર્સિટીના ધરતી અને પર્યાવરણ વિજ્ઞાનના પૂર્વ વડા પ્રો. એમ. જી. ઠક્કર (બીએસઆઈપી, લખનૌ અને વાડીયા ઈન્સ્ટીટ્યુટ ઓફ હિમાલયન જિઓલોજીના ડાયરેક્ટર)ના મુખ્ય મહેમાન પદે રાજસ્થાનની મોહનલાલ સુખડીયા યુનિવર્સિટીના જિઓલોજીકલ વિભાગના અમૃત મહોત્સવ પ્રસંગે આયોજીત રાષ્ટ્રીય સેમીનારમાં કચ્છ યુનિ. ના ડૉ. ગૌરવ ચૌહાણે કહ્યું હતું કે વર્ષ ૨૦૦૧ના કચ્છના ભૂકંપનો કેન્દ્ર મનફરા ગામ નજીક હતું પણ ખરેખર સેટેલાઈટ તસવીરોમાં સરફેસ ફોલ્ટ જણાયું ન હતું. અલબત્ત એ

કેન્દ્રની નીચે રહેલા બ્લાઈન્ડ ફોલ્ટમાં ધરતીકંપ કેન્દ્ર હતું.

ડૉ. ચૌહાણે વધુ માહિતી આપતા કહ્યું હતું કે કચ્છમાં આવતા અણધાર્યા ધરતીકંપ માટે ખરેખર તો કચ્છની કોમ્પલેક્સ ફોલ્ટ સિસ્ટમ જવાબદાર છે. જેમાં સપાટીથી બે થી ત્રણ કિ.મી. નીચેના ખડકોમાં રહેલી ફોલ્ટ સિસ્ટમનો ભૂકંપ સાથે સીધો સંબંધ હોય છે. સરફેસ સપાટી પર જણાતા ફોલ્ટના લીધે જ ધરતીકંપ આવે તે જરૂરી નથી. બે-ત્રણ કિલોમીટર નીચેની ફોલ્ટલાઈન બ્લાઈંડ ફોલ્ટ કહેવાય છે. એના અભ્યાસ માટે એડવાન્સ જીઓફીઝીકલ અને સિસ્મિક પદ્ધતિથી અભ્યાસ જરૂરી છે. ડૉ. ચૌહાણે ભારપૂર્વક જણાવ્યું હતું કે ૨૦૦૧નો ધરતીકંપ બ્લાઈન્ડ ફોલ્ટના લીધે સર્જાયો હતો.

### રતન ટાટાની કચ્છ મુલાકાત

વતનપ્રેમ અને દેશ પ્રત્યે વફાદારીના પાઠના અતુલ્ય ઉદાહરણ રતન ટાટા ૧૧ જાન્યુઆરી ૨૦૧૨ના દિને કચ્છ પધાર્યા હતા. તેમની મુલાકાતનો હેતુ મુંદ્રા તાલુકાના ટુંડા વાંઢ ખાતે ટાટાની અલ્ટ્રા કોસ્ટલ ગુજરાત પાવર લિ.ના ૫૦૦ મેગાવોટના પાંચમા પ્લોટનું ઉદ્‌ઘાટન હતું. ઉદ્‌ઘાટન બાદ રતન ટાટા જાતે ચાર્ટર્ડ પ્લેન ઉડાવીને પરત થયા હતા.

ટાટાની આ કચ્છ મુલાકાત પ્રથમ અને છેલ્લી હતી. ઉપરાંત ટૂંડાવાંઢના ટાટાના ટ્રસ્ટ તરફથી દરરોજ રૂા. એક લાખનો ઘાસચારો નીરવામાં આવે છે.

### અંજારનો શિશુ ગાયક ગીનીસબુકમાં

અંજારના માત્ર એક વર્ષ ૩૪૨ દિવસની વયના શિશુ ગાયક પર્વ કૃપેશ ઠક્કરની ૨૦૦ થી વધુ મ્યુઝીક સ્ટ્રીમીંગ પ્લેટફોર્મ પર પર્વ મ્યુઝીક તરફથી રામનવમીના દિને રજુ કરાયેલા રામધુન, જલારામ ધુન, હનુમાન મંત્ર વગેરે પાંચ ગીત ધુમ મચાવી રહ્યાં છે. આ સહિત કુલ સાત ગીતોનું એલબમ 'ધ યંગેસ્ટ સિંગર ટૂ લોન્ચ એલ્બમ' માટે પસંદ કરાતા ગિનીસ બુકમાં સ્થાન પામ્યા છે.

### કુ. ઓપલ વધન માધવાણી કમલા હેરીસના સહાયક

યુએસએની નવેમ્બર ૫,૨૦૨૪ના રોજ યોજાઈ રહેલી રાષ્ટ્રપતિ પદની ચૂંટણીના ઉમેદવાર કમલા હેરીસના સહાયક તરીકે કચ્છ આસંબીયાના કુ. ઓપલ વધન માધવાણી નિયુક્ત થયા છે. અગાઉ તે બરાક ઓબામાના પ્રધાન મંડળમાં વિદેશ પ્રધાન રહેલા હિલેરી ક્લિંટનના પીએ રહી ચૂક્યા છે. આસંબિયાના રૂક્ષ્મણીબેન ગોવિંદ વધન (માધવાણી)ના પૌત્રી અને કામિની અરૂણભાઈ વધનની પુત્રી ઓપલને અભિનંદન.

### નલિયા ઉત્તર રેન્જ વન્ય પ્રાણી સપ્તાહ

વન ખાતાની નલિયા ઉત્તર રેન્જ દ્વારા મોથાળા ખાતે વન્ય પ્રાણી સપ્તાહની ઉજવણી કરવામાં આવી હતી. પશ્ચિમ કચ્છના નાયબ વન સંરક્ષક વાય. એસ. ઝાલા અને મદદનીશ વન સંરક્ષક એમ.આઈ, પ્રજાપતિના માર્ગદર્શન હેઠળ સારસ્વતમ હાઈસ્કુલ મોથાળામાં આ કાર્યક્રમ યોજાયો હતો.

### સુખપર સંસ્કૃત પાઠશાળા

સુખપર સ્વામીનારાયણ સંસ્કૃત પાઠશાળાની સ્થાપનાને ૨૫ વર્ષ પૂરા થતા રજત જયંતિ ઉજવવામાં આવી છે. સ્વામીનારાયણ મંદિર ભુજના પુરાણી અને ગોર સ્વ. ગુલાબશંકર મહારાજના પ્રયાસોથી તા. ૧૯.૧૦.૧૯૯૯ના દિને આ શાળાની શરૂઆત થઈ હતી.

### ઈંડિયન રેડક્રોસ સોસાયટીમાં ફીઝીયોથેરેપી સુવિધા

ઈંડિયન રેડક્રોસ સોસાયટી, ગાંધીધામના કેન્દ્રમાં ફીઝીયોથેરેપી કેન્દ્રનો આરંભ કરાયો છે. જિલ્લા કલેક્ટર અને કચ્છ રેડક્રોસના પ્રમુખ અમિત અરોરાએ કેન્દ્રનું લોકાર્પણ કરતાં જણાવ્યું હતું કે અકસ્માત અને સીઝેરીયન કેસોમાં ઘણીવાર ઉપયુક્ત તત્કાલ રક્ત ન મળતાં મૃત્યુના બનાવ વધી રહ્યાં છે. ગાંધીધામ શાખાના કાઉન્સેલીંગ કેન્દ્રમાં શૈલાબેને ૮૦૦ પરિવારોનું કાઉન્સેલીંગ કર્યું છે. જેમાં મહત્તમ સફળતા મળી છે.

### ઢીંગલા-ઢીંગલી કસબી ફાયુબેન

કોઈ કોઈ વ્યક્તિની કુદરત કેટલી હદે પરીક્ષા લે છે એ ફાયુબેનની લાઈફમાંથી જાણી શકાય. વાઢા/કરડ (કોલી) કોમના પરિવારો આદિવાસી ગણાય. સામાન્યપણે વણજારા કે ભટકતી જાતિ જેવું જીવન જીવતા પશ્ચિમ કચ્છમાં લગભગ ૪૫૦ પરિવાર છે. એ પરિવારો પૈકી નિરોણાના કરડ પરિવારમાં જન્મેલા ફાયુબેનનું પીઠનું હાડકું બાળપણમાં ટૂટી જતાં ઉંમર વધવાની સાથે પીડા વધી, ત્યાં પિતાની છત્રછાયા ગુમાવી ભાઈ-બહેનના આશરે જીવન ચાલી રહ્યું હતું. ભાઈ મલુક ધીકી-ધીકા (ઢીંગલા ઢીંગલી) મેળામાંથી લઈ આવ્યા તો ફાયુબેનને એમાં રસ પડ્યો અને ઢીંગલા ઢીંગલી બનાવી વેચવા લાગ્યા. દરમિયાન લગ્ન થયા પણ ટૂંકમાં પતિનું અવસાન થયું. સંઘર્ષ વધ્યો પણ એમણે બનાવેલા ઢીંગલા ઢીંગલી વેચાતા રહ્યાં.

અહીં નોંધ લેવી રહી કે આ કોલી/વાઢા પરિવારો મૂળે લાખની વસ્તુઓ બનાવે છે. એ જ એમનો મુખ્ય વ્યવસાય. જોકે ફાયુબેનનો વ્યવસાય માત્ર શિયાળા પૂરતો ત્રણેક મહિના ચાલે છે.

**જીવન ચક્ર**

# જન્મ - સગપણ - લગ્ન - મરણ નોંધ

સંપાદક : **રમેશ પદમશી દંડ (શાહ) – ભરૂડિયા**
મો. : 98197 93610 / E-mail : rpshah41@yahoo.com



## જ્ઞાતિ સગપણ

| | | | | |
|---|---|---|---|---|
| ૧૨.૧૦.૨૦૨૪ | વાપી | કરણ કિશોર ઉમરશી ખોના | જખૌ | ૩૧ |
| | ડોંબિવલી | પૂજા જીતેન્દ્ર લક્ષ્મીચંદ મોમાયા | સાંયરા | ૨૭ |
| ૧૩.૧૦.૨૦૨૪ | ડોંબિવલી | રોનક પરેશ ઝવેરચંદ જીવાણી | જખૌ | ૨૭ |
| | ડોંબિવલી | ક્રિષા ધીરેન હીરજી લોડાયા | સુજાપર | ૨૮ |
| ૧૭.૧૦.૨૦૨૪ | મુલુંડ | ગેવીન ભરત દામજી ધરમશી | કોઠારા | ૩૦ |
| | ખંડવા | કેવલી અનિલભાઈ ધનજી સાયલા | લુણી | ૨૭ |

## આંતરજ્ઞાતિ સગપણ

| | | | | |
|---|---|---|---|---|
| ૦૬.૧૦.૨૦૨૪ | ઘાટકોપર | ધવલ હરીશ પ્રવિણચંદ્ર મોમાયા | મોટી સિંધોડી | ૨૮ |
| | થાણે | હેતા પ્રવીણભાઈ પ્રેમજીભાઈ રાઘવાની | બલાંબા | ૨૫ |
| ૧૨.૧૦.૨૦૨૪ | ભાંડુપ | નેવિલ રાજેશ રતિલાલ મોમાયા | મોટી સિંધોડી | ૨૮ |
| | ભાંડુપ | પ્રિયંકા દિલીપ જયંતીલાલ વ્યાસ | દેશીંગા | ૨૭ |
| ૧૨.૧૦.૨૦૨૪ | અંધેરી | કુશલ જીગ્નેશ મહેન્દ્ર શાહ | ખંભાત | ૨૮ |
| | અંધેરી | મૈત્રી યોગેશ વેલજી વોરા | રંગપુર | ૨૮ |
| ૧૨.૧૦.૨૦૨૪ | કાંદિવલી | જય મનોજ કાંતિલાલ ધરમશી | રંગપુર | ૨૯ |
| | અંધેરી | કોમલ નિર્મળ નર્વાની | ઓરીસા | ૩૦ |
| ૧૨.૧૦.૨૦૨૪ | મુલુંડ | કરન વિજય વાલજી લોડાયા | સાંયેરા | ૨૭ |
| | કલવા | રવિના સુરેશકુમાર મીયાચંદજી ગંદેચા | સમીચા | ૨૮ |
| ૧૬.૧૦.૨૦૨૪ | ડોંબિવલી | જુગલ દિનેશ દેવરાજ દેઢિયા | કોટડી | ૨૬ |
| | ડોંબિવલી | ભાવિકા અજય ઠાકરશી ડાઘા | વરાડિયા | ૨૫ |

## જ્ઞાતિ લગ્ન

| | | | | |
|---|---|---|---|---|
| ૨૬.૦૮.૨૦૨૪ | ભાંડુપ | વૈભવ સુનીલ મૈશેરી | સાંધાણ | ૩૨ |
| | ભાંડુપ | નીધી વૈભવ મૈશેરી | જખૌ | ૩૧ |

## મરણ

| | | | | |
|---|---|---|---|---|
| ૦૨.૧૦.૨૦૨૪ | અંધેરી | રાજ મણીકાંત દંડ | તેરા | ૫૨ |
| ૦૩.૧૦.૨૦૨૪ | ખામગામ | ગુણવંતી ભવાનજી મોમાયા | જખૌ | ૯૦ |
| ૦૩.૧૦.૨૦૨૪ | કાઠમંડૂ | પંકજ નરશી છેડા | નલીયા | ૬૭ |
| ૦૪.૧૦.૨૦૨૪ | નાંદેડ | કાંતિલાલ દામજી નાગડા | નલીયા | ૭૬ |
| ૦૬.૧૦.૨૦૨૪ | વડોદરા | કોકીલાબેન દિનેશચંદ્ર ધરમશી | સુથરી | ૭૨ |
| ૦૬.૧૦.૨૦૨૪ | પૂના | મણીકાંત જેઠાભાઈ ખોના | તેરા | ૭૯ |
| ૦૬.૧૦.૨૦૨૪ | ઘાટકોપર | કલાબેન નરેન્દ્ર મોતા | નલીયા | ૭૭ |

| | | | | |
|---|---|---|---|---|
| ૦૭.૧૦.૨૦૨૪ | મુલુંડ | સુશીલાબાઈ બકુલ (બંકિમ) ધરમશી | સુથરી | ૭૭ |
| ૦૯.૧૦.૨૦૨૪ | મુલુંડ | જયવંતી ગોવિંદજી મોમાયા | સિંધોડી મોટી | ૮૮ |
| ૧૧.૧૦.૨૦૨૪ | હૈદ્રાબાદ | હંસાબેન પુનશી સાયલા | તેરા | ૭૪ |
| ૧૪.૧૦.૨૦૨૪ | ખીરકીયા | વિજયાબાઈ રતનશી નાગડા | લાલા | ૯૧ |
| ૧૪.૧૦.૨૦૨૪ | નાગપૂર | જયંત વિશનજી ધરમશી | કોઠારા | ૭૨ |
| ૧૬.૧૦.૨૦૨૪ | ડોંબિવલી | લાલજી વેલજી લોડાયા | વારાપધર | ૭૧ |

## નવા/બદલાયેલા સરનામા/ફોન – (પુરૂં નામ અને નવું સરનામું મોકલવાની સાથે જુનું રદ કરવાનું સરનામું અવશ્ય જણાવવું)

**Shri Ashok Kunverji Dhulla (PS-1387)**
201, Neona Tower, 2nd Floor,
J.N. Road, Opp. Titan Showroom,
Mulund (West), MH - 400 080.
M. : 98927 45887, 99870 46461.

**Smt Ila Rajesh Poladia (PS-6570)**
304, The Status, Opp. City Center Mall,
City Center, Untawadi Road,
Nasik, MH - 422 009.
M. : 94209 00154.

આપના રહેઠાણના સરનામામાં ફેરફાર અંગેની નોંધ હવેથી **kdoaddress@gmail.com** ઉપર મોકલવા વિનંતી છે.

**Shri Anup Bhawanji Shah(Chheda)(PS-7464)**
A-803, Punyoday Rio,
Opp. Agarwal College,
Gandhari Road,
Kalyan (West), MH - 421 301.
M. : 93242 827630

**Shri Shashikant Kulinkant Lodaya (PS-5887)**
601, Vedant Enclave CHS.,
Kamla Nehru Cross Road No. 3,
Near Fire Brigade,
Kandivali (West), MH - 400 067.
M. : Shashikant-93874 41909 & 9387444194,
Vibha - 75062 21167, Vishal - 90299 77115,
Khushboo Vishal - 82865 09593

## જ્યારે ગરોળી કરી શકે તો આપણે કેમ નહિ?

આ એક સત્ય ઘટના છે જે જાપાનમાં બની હતી. ઘરનું નવીનીકરણ કરવા માટે, જાપાનમાં કોઈ વ્યક્તિ દિવાલ તોડી નાખે છે. જાપાની ઘરોમાં સામાન્ય રીતે લાકડાની દિવાલો વચ્ચે હોલો જગ્યા હોય છે. જ્યારે દિવાલો તોડવામાં આવી ત્યારે તેણે જોયું કે ત્યાં એક ગરોળી અટકી ગઈ હતી કારણ કે બહારથી એક ખીલી તેના પગના ઉપરની ભાગમાં વાગી હતી.

તે આ જુએ છે, દયા અનુભવે છે, અને તે જ સમયે જ્યારે તેણે ખીલી તપાસી ત્યારે તેણે જોયું કે પાંચ વર્ષ પહેલાં જ્યારે ઘર પ્રથમ વખત બનાવવામાં આવ્યું હતું ત્યારની ખીલી હતી !!!

શું થયું? ગરોળી ૫ વર્ષથી આવી સ્થિતિમાં ટકી રહી છે! અંધારી દિવાલના પાર્ટીશનમાં ૫ વર્ષ સુધી હલનચલન કર્યા વિના, તે અસંભવ અને મનને આશ્ચર્યજનક લાગ્યુ પછી તેણે વિચાર્યું કે આ ગરોળી ૫ વર્ષ સુધી કેવી રીતે જીવી ગઈ? એક પણ પગલું ખસેડ્યા વિના કારણ કે તેના પગ ઉપર ખીલી ખૂંચેલી હતી!

તેથી તેણે પોતાનું કામ બંધ કર્યું અને ગરોળીનું નિરીક્ષણ કર્યું. તે શું કરી રહી છે અને તે શું અને કેવી રીતે ખાય છે? પાછળથી, તે ક્યાંથી આવી તે ન જાણતા, બીજી ગરોળી દેખાય છે, તેના મોંમાં ખોરાક છે. આહ! તે સ્તબ્ધ થઈ ગયો અને તેને ઊંડો સ્પર્શ થયો. નખથી અટવાઈ ગયેલી ગરોળી માટે, બીજી ગરોળી તેને છેલ્લા ૫ વર્ષથી ખવડાવે છે.

કલ્પના કરો? તે તેના જીવનસાથી પર આશા છોડ્યા વિના, ૫ લાંબા વર્ષોથી અથાક મહેનત કરી રહ્યો છે. કલ્પના કરો કે એક નાનું પ્રાણી શું કરી શકે છે જે તેજસ્વી મન ધરાવતું પ્રાણી ન કરી શકે.

કૃપા કરીને તમારા પ્રિયજનોને ક્યારેય છોડશો નહીં. જ્યારે તેઓને ખરેખર તમારી જરૂર હોય ત્યારે તમે વ્યસ્ત છો એવું ક્યારેય ન કહો. તમારા ચરણોમાં આખી દુનિયા હોઈ શકે પરંતુ તમે તેમના માટે એકમાત્ર વિશ્વ હોઈ શકો છો. બેદરકારીની એક ક્ષણ એ હૃદયને તોડી શકે છે જેણે તમને તમામ અવરોધો સામે પ્રેમ કર્યો હતો. (વોટ્સએપમાંથી)

BEING JAIN

# Jain ' Ratans' Vastupal - Tejpal



**- Shilpa Ajani** (B.com, DG, FGA (Lon), FFIG)

'India loses its Ratan (gem)', wrote the Economic Times, when the national icon Ratan Tata passed away on the 9th of October, 2024. That brought to my mind the memory of two greatest of the many many of our Jain 'ratans': Vastupal and Tejpal. Two brothers, Vastupal and Tejpal, were ministers in the court of King Vir Dhavala in Gujarat. What was it that made them so precious? Well, it is the fact that their legacy, is defined less by their political roles and more by their acts of generosity, which were deeply rooted in their faith and compassion for humanity.

Philanthropy Rooted in Jain Values

The brothers; as devout Jains, believed in charity, and the welfare of all living beings. These values were reflected in their patronage to social welfare activities that served communities across faiths.

Construction of Temples

One of the most enduring contributions of Vastupal and Tejpal is the construction of the Dilwara Temples at Mount Abu, Rajasthan, a remarkable architectural marvel that stands as a symbol of their devotion to Jainism and art. These temples, especially the Vimala Vasahi Temple dedicated to Bhagwan, Adinath, the first Jain Tirthankar, showcases the finest marble craftsmanship in India. The intricate carvings, exquisite details, and grandeur of these temples are incomparable! What sets Vastupal and Tejpal apart was the magnitude of their investment, both financially (12 crore and 53 lakhs in the thirteenth century!) and personally.

Social Welfare and Public Works

Beyond religious patronage, Vastupal and Tejpal contributed to a wide range of public welfare projects. They were instrumental in the construction of water reservoirs, baolis (stepwells), and dharmashalas (public rest houses) across Gujarat and Rajasthan. In the arid regions of Gujarat, where water was scarce, these reservoirs and stepwells were a lifeline for local communities. They ensured that people had access to clean water and shelter, regardless of their caste or religion, showcasing their commitment to societal well-being.

Anonymous Acts of Kindness

Perhaps the most touching aspect of their philanthropy was the way in which they carried out many of their acts of generosity anonymously. Several historical accounts describe how Vastupal and Tejpal would often disguise themselves or remain unnamed while helping others. For instance, when they learned about workers or artists struggling to make ends meet, they would quietly arrange for their wages to be increased. This humility in giving made their charity even more impactful.

Religious Tolerance and Patronage Beyond Jainism While they were devout Jains, Vastupal and Tejpal were known for their religious tolerance and their willingness to contribute to causes outside of their faith. They provided patronage to Hindu temples and supported initiatives that promoted cultural and religious harmony.

Support for the Arts and Education

Vastupal and Tejpal were known for their support of the arts, literature, and education. They sponsored poets, scholars, and artists, ensuring that knowledge and culture flourished under their patronage. They supported Jain scholars who composed texts and commentaries on religious scriptures, contributing to the preservation and dissemination of Jain teachings. Moreover, the temples they built often housed libraries and became hubs for intellectual and spiritual discourse and centres for learning.

The legacy of Vastupal and Tejpal's philanthropy is etched in the lives they touched and the communities they uplifted. Their charitable works continue to inspire generations, and their contributions to architecture, religion, and social welfare are still revered. Their acts of kindness, humility, and selflessness have cemented their place in history as true exemplars of Jain values. Even today, the temples they built stand as a testament to their vision of a world where beauty, spirituality and compassion unite and to the wisdom of Anupamadevi.

(Tejpal's wife who was their constant source of inspiration and guidance).


U M KHONA AND COMPANY
CLEARING | FORWARDING | LOGISTICS
AEO
भारतीय सीमा शुल्क
INDIAN CUSTOMS
COMMITMENT
TO EXCELLENCE
OUR PRESENCE AT:
MUMBAI
JNPT
HAZIRA
KOLKATA
HALDIA
CHENNAI
KANDLA
MUNDRA
PIPAVAV
U M KHONA AND COMPANY
1011, Universal Majestic,
Behind RBK International Academy,
Off Ghatkopar – Mankhurd Link Road,
Chembur, Mumbai 400 088.
Email : harsh.lapsia@umkhona.com
Tel : +91 22 6155 9999 / +91 98190 30311
Fax : +91 22 6155 9955
jayant.lapsia@gmail.com
Tel.: 6155 9901
www.umkhona.com
CB: 11/189

Over View

# SPREAD H.E.L.L.O.

**Tilakchand K. Lodaya,** Chennai.
(Former Chief Commissioner of IncomeTax) Mob.: 99406 36646



In our community's library attached to our primary school at Gadag, North Karnataka, my birth place, I happened to read a book 'POLLYANNA'. I thank whoever was the donor, as it's message made a lasting impression on my formative mind. Looking back at the age of 76+, I can say,without hesitation, that I have almost lived the 'GLAD GAMES' advocated by it.

The message of *Pollyanna*, from the classic 1913 novel by Eleanor H. Porter, is centered around optimism, gratitude, and the power of a positive mindset. Pollyanna Whittier, an orphaned girl who, despite her hardships, maintains an unwavering positive attitude. She practices something called "The Glad Game," where she finds something to be glad about in every situation, no matter how difficult it seems.

The main takeaway is that maintaining a hopeful and positive outlook can improve one's life and the lives of others. Even in the face of adversity, a grateful heart can find joy. However, the novel also explores the balance between optimism and recognizing reality, especially as Pollyanna faces personal challenges that test her outlook on life.

I have etched in my memories the summary of them as my guiding star to Spread H.E.L.L.O.,

**H -** HOPE, HAPPINESS, HELP;

**E -** ENTHUSIASM, ENERGY;

**L -** LOVE;

**L -** LAUGHTER, LIVELY LIFE;

**O -** OPTI-REALISM.

Thoughts constitute the mind, and the mind makes the man. As the thought, so the mind; as the mind, so the man. We build our future thought by thought. What we will be will depend on what continues to go into our mind. I can change myself, if and only if, I change what goes into my mind. Our destiny is shaped by our character; our character is shaped by our habits. Our habits are shaped by our actions. But what shapes our actions - it is our thoughts. If we shape our thoughts, we will shape our destiny.

Your mind is a garden and your thoughts are the seeds. The harvest can be either flowers or weeds. Your thoughts create your reality. In every man sleeps a Buddha. Think your Destination following H.E.L.L.O.

**Here are some ideas to spread H.E.L.L.O.:**

**A :** 1. Share inspiring stories. 2. Give genuine compliments. 3. Express gratitude. 4. Use positive affirmations. 5. Encourage others.

**B :** 1. Smile. 2. Make eye contact. 3. Energetic body language.

**C :** 1. Celebrate milestones. 2. Team-building activities. 3. Recognize achievements. 4. Offer support & resources. 5. Lead by example.

**D :** 1. Share uplifting messages. 2. Send motivational emails. 3. Create engaging videos. 4. Share inspiring quotes.

H.E.L.L.O. qualities are powerful driving forces behind motivation and success. They reflect a lively interest or excitement about something, which helps to maintain a positive attitude and perseverance in the face of challenges which represent a strong emotional commitment to something that gives life meaning or purpose.

These qualities combined create an unstoppable force, fueling creativity, innovation and life fulfillment experience.

Remember, enthusiasm etc. are contagious! Spread them and watch them grow.

Say HELLO to H.E.L.L.O.

***

Life Power

# Unleash your inner Dad- Part 2

**Alpa Dharamshi** (Multilingual Counsellor) - **M.: 9945365319**
Pehechaan - A Mission To Help Identify Yourself.



"A good father is one of the most unsung, unpraised, unnoticed, and yet one of the most valuable assets in our society." - Billy Graham.

**REFRAIN FROM THROWING MONEY AT THE PROBLEM :**

No matter how rich you are, fatherhood is not done by throwing money at issues. When your child complains of your absence, when problems arise, when dealing with your child becomes a handful and you feel you have no time; don't use money to silence or appease the child. Fatherhood is a hands on approach, it will not be easy but its fruits are sweet. Don't escape through your ATM. Material things can contain a child for a while, but soon the child will look around and see empty things but no love from dad.

**SHOW UP :**

Make daddy appearances; show up at your child's sports day, birthday, parent's day, graduation or any other special day. Make random visits to what your child cares alot about even if for a few minutes. Meet your child's friends briefly, let your child feel daddy's loving eyes are watching over me. An employee feels special when the boss makes a random visit to smile at the employee's work, a citizen feels special when The President makes a surprise visit to greet the citizen, a child feels special when daddy makes a loving phonecall or shows up to demonstrate he cares.

**BE A SUPER HERO :**

Be strength to your child, the rock that is a shelter, the refuge and defender to your child. The attributes of God the Heavenly Father, model them as an earthly father.

**CAST A VISION :**

With your wife, cast a vision for your family. Define what you expect from your child because children love living up to a target. Make the vision and values that should govern your family plain and simple for the child to live by. Your role is to show leadership.

**STAY FOCUSED :**

Casting a vision is not enough, you must not abandon ship. The man is the one who proposes to a woman for marriage, he initiates the formation of a family, but too many men let down the family they themselves initiated. They start having affairs, wasting time and money on women and being distracted by meaningless pursuits as their children suffer. Don't let go of the steering wheel, drive your family car its full course.

**BE A SUCCESS STORY :**

SUCCEED AS A MAN successed as a professional, succeed in life, shine in society. Children love to brag about their dad, be the best man in your child/ children's eyes, the one to grow up to be like. Let it be an honor to carry your name as a surname.

**LOVE THE MOTHER :**

Your wife acquires a new position when you have children, she is not just your wife but the mother of your children. Your child/ children love both of you the same and the desire of a child is to see mum and dad in love working as a team. A child should grow up with the demonstration of how true love looks like from mum and dad.

A father is a guardian, guide, and role model. He provides love, support, and protection to his family. Fathers teach valuable life lessons and instill values. Their presence shapes identity and self-esteem. A father's influence lasts a lifetime.

***

# પ્રકાશ સમીક્ષા શતાબ્દી વર્ષની ઉજવણીના આધારસ્તંભ દાતાશ્રી



**શ્રી હરીશભાઈ નરશી ધરમશી સુથરી (મુલુંડ)**

100 YEAR ANNIVERSARY
PRAKASH SAMIKSHA

તારીખ: ૦૧/૧૨/૨૦૨૪ ❖ સમય : સાંજે ૬ કલાકે.
સ્થળ: સન્મુખાનંદ ઓડિટોરિયમ, કિંગ સર્કલ, મુંબઈ.

## પ્રકાશ સમીક્ષા શતાબ્દી વર્ષની ઉજવણી માટે આપનો સહયોગ આવકાર્ય છે

આ હેતુસર અમે નીચે મુજબની સ્કીમ બનાવી છે.

| | |
|---|---|
| Diamond Donor | Rs. 15,00,000/- |
| Golden Donor | Rs. 11,00,000/- |
| Silver Donor | Rs. 5,00,000/- |
| Bronze Donor | Rs. 3,00,000/- |

: વધુ વિગત માટે સંપર્ક :

Email : kdoprakash@gmail.com
(૧) CA હીરાચંદ દામજી દંડ
77385 08150
(૨) શ્રી હેમાંગ લાલજી શાહ
99206 46846


-: પ્રકાશ સમીક્ષા સમિતી ટ્રસ્ટ બોર્ડ :-

પ્રમુખ : CA હીરાચંદ દામજી દંડ

એડ. શૈલેશ સનત્ શાહ, કિરીટ લક્ષ્મીચંદ લાપસીયા, કેશરસિંહ આણંદજી ખોના, શિલ્પાબેન અજાણી
તિલકચંદ કુંવરજી લોડાયા, કાશ્મીરાબેન વિરેન્દ્ર લુઠીયા, કિરીટ ખેતસી શાહ, જયંત વિશનજી છેડા

મંત્રી : એડ. ઉદયન લાલજી લોડાયા    કોષાધ્યક્ષ : હેમાંગ લાલજી શાહ (લોડાયા)

# પ્રકાશ સમીક્ષા શતાબ્દી વર્ષની ઉજવણીના ગોલ્ડન દાતાશ્રીઓ



શ્રી કિરીટભાઈ લક્ષ્મીચંદ લાપસીયા
રવા (ચેમ્બુર)



શ્રીમતી મીનાબેન શાંતિલાલ શાહ(નાગડા)
નલિયા (માટુંગા)

# પ્રકાશ સમીક્ષા શતાબ્દી વર્ષની ઉજવણીના ગોલ્ડન દાતાશ્રીઓ





માતુશ્રી ઝવેરબાઈ શીવજી
વિકમશી અને
શ્રી શીવજી કુંવરજી વિકમશી
રાણપર (પરેલ)



માતુશ્રી પ્રમિલાબેન દામજી દંડ
મંજલ રેલડીયા (ઘાટકોપર)
હ. વિહાન પ્રતિક દંડ

# પ્રકાશ સમીક્ષા શતાબ્દી વર્ષની ઉજવણીના સિલ્વર દાતાશ્રીઓ



**શ્રી રાજેશ પ્રેમજી શાહ (લોડાયા) મોટી સિંધોડી (સાયન)**



**માતુશ્રી જયાબેન મોતીલાલ લોડાયા શ્રી મોતીલાલ દેવજી લોડાયા પરિવાર મોટી ખાવડી (ઘાટકોપર)**



**શ્રી ચાંપશીભાઈ માણેકજી લોડાયા (શાહ–લોખંડવાલા) સાંધવ (ઘાટકોપર)**



**માતુશ્રી માધુરીબેન લાલજી શાહ (શિયાલ) શ્રી લાલજી ઘેલાભાઈ શાહ (શિયાલ) જખૌ (રાયપુર)**

'સ્મૃતિ વિશેષ'... 'સ્મૃતિ વિશેષ'... 'સ્મૃતિ વિશેષ'... 'સ્મૃતિ વિશેષ'... 'સ્મૃતિ વિશેષ'...

પ્રકાશ સમીક્ષાના શતાબ્દી વર્ષની ઉજવણીના ઉપલક્ષમાં તા. ૧.૧૨.૨૦૨૪નાં સન્મુખાનંદ ઓડિટોરીયમ કિંગ સર્કલ-મુંબઈ ખાતે સમારંભ યોજાશે. આ પ્રસંગે પ્રકાશ સમીક્ષાનો વિશેષાંક 'સ્મૃતિ વિશેષ' પ્રકાશિત થશે

**'સ્મૃતિ વિશેષ' અંકમાં સહયોગી થવાની નીચે પ્રમાણેની તકનો લાભ લઈ શકો છો.**

**Back Cover pg.-Rs.2,00,000/-, Inside Back Cover pg.-Rs.1,50,000/-**
**Advertise on Entry Passes (Tickets) : Rs. 1,00,000/-**

100 YEAR ANNIVERSARY PRAKASH SAMIKSHA

**'સ્મૃતિ વિશેષ' અંકમાં નીચે મુજબની જાહેરાતો આપી વિશેષાંકને વધુ સુશોભિત બનાવવા નમ્ર નિવેદન છે.**

100 YEAR ANNIVERSARY PRAKASH SAMIKSHA

FULL COLOUR PAGE (26.5 CM X 19 CM) Rs. 30,000/-+ GST
HALF COLOUR PAGE (13 CM X 19 CM) Rs. 20,000/-+ GST

-: વધુ વિગત તથા જાહેરાત આપવા માટે સંપર્ક :-

**શ્રી મુકેશ ભવાનજી શાહ (લોડાયા) મો. 98336 64426 / 98211 54326**

**Email : 100prakash2024@gmail.com, Email : kdoprakash@gmail.com**

આપની જાહેરાતો તા. ૩૧.૧૦.૨૦૨૪ સુધી સ્વીકારવામાં આવશે.

CDO Prakash Samiksha R.N.I. No. MAHBIL/2020/79181 Date of Publication : 5th & 20th of every month
Postal Reg. No. MCN / 322 / 2024-2026 WPP Licence No. MR/Tech/WPP-352/North/2024-26
Posting : 8 / 9 & 23 / 24 of every month Posted at Mumbai Partika Channel Sorting Office, Mumbai - 400 001

# પ્રકાશ સમીક્ષા શતાબ્દી વર્ષની ઉજવણીના
# બ્રોન્ઝ દાતાશ્રીઓ

શ્રી મનીષ હીરજી શાહ (લાલકા) – સુજાપર (વડાલા)

શ્રી હંસકુમાર લક્ષ્મીચંદ છેડા – સુજાપર (મુલુંડ)

શ્રીમતી રતનબેન કાંતિલાલ મોતા (ટીકીટાર) – રાયધણજર

શ્રી હેમાંગ મણિકાંત મોમાયા – વરાડીયા (હૈદ્રાબાદ)

સ્વ. શ્રી ખેતશી નરશી શાહ(પોલડીયા) – બાયઠ
હસ્તે શ્રીમતી માધુરી કિશોર વિક્રમશી

માતુશ્રી ચંપાબેન હંસરાજ પરબત ડાઘા
હસ્તે હીરાલાલ ડાઘા – વરાડીયા (માટુંગા)

શ્રી મોતીચંદ લાલજી ખોના – નલીયા (મુલુંડ)

માતુશ્રી કસ્તુરીબેન મુલજી ખોના
હસ્તે મીનલ ભરત ખોના – સુથરી (નવી મુંબઈ)

શ્રીમતી ચંદ્રપ્રભા અશોક ડાઘા – વરાડીયા (કોઈમ્બતુર)

માતુશ્રી નવલબેન મણીલાલ દંડ પરિવાર – સેવક ભરૂડીયા (મુલુંડ)

**'સ્મૃતિ વિશેષ' અંકમાં સહયોગી થવાની નીચે પ્રમાણેની તકનો લાભ લઈ શકો છો.**

**Back Cover pg.-Rs.2,00,000/-, Inside Back Cover pg.-Rs.1,50,000/-**

**Advertise on Entry Passes (Tickets) : Rs. 1,00,000/-**

શ્રી મુકેશ ભવાનજી શાહ (લોડાયા) મો. 98336 64426 / 98211 54326

If undelivered, please return to :
**C.D.O. PRAKASH SAMIKSHA**
C/o. A/704, Remi Bizcourt, Shah Indl. Estate,
Off Veera Desai Road,
Andheri (W), Mumbai - 400 053.

To,

Printed and Published by **HIRACHAND DAMJI DAND** on behalf of **SHRI C.D.O. PRAKASH SAMIKSHA SAMITI,** Printed at THE NEW MILLENIUM PRINTERS, 14-A, GROUND FLOOR, SITARAM MILL, PATRA SHED, SITARAM MILL COMPOUND, JACOB CIRCLE, LOWER PAREL, MUMBAI 400 013 and Published from SHRI C.D.O. PRAKASH SAMIKSHA SAMITI, A/704, REMI BIZCOURT, PLOT NO. 9, SHAH INDL. ESTATE, OFF VEERA DESAI ROAD, ANDHERI (WEST), MUMBAI 400 053. Editor: **HIRACHAND DAMJI DAND**